૧૫૨૦

શ્રી

# सार-शाकुंतल.

**શ્રીમહાકવિ કાળિદાસનાં અભિજ્ઞાન-**
**શકુંતલાનાટકનું દોહન.**

ગુજરાતીપ્રયોગપુસ્તક.

કવિ નર્મદાશંકર લાલશંકરનું રચેલું.

બુકસેલર. જેહાંગીર બેજનજી કરાણી ચોપડીવાલા
કોટ
પારસીબજાર સ્ટ્રીટ
મુંબાઈ

જેઠ, ૧૯૩૭—જૂન, ૧૮૮૧.

મૂલ પ્રત એકનું રૂ૦ાા

श्री

# सार-शाकुंतल.

૧૫૨૦

શ્રીમહાકવિ કાળિદાસનાં અભિજ્ઞાન-
શકુંતલાનાટકનું દોહન.

ગુજરાતીપ્રયોગપુસ્તક.

કવિ નર્મદાશંકર લાલશંકરનું રચેલું.

જેહાંગીર બેજનજી કરાણી
કોટ
પારસીબજાર સ્ટ્રીટ
મુંબાઈ

જેઠ, ૧૯૩૭—જૂન, ૧૮૮૧.

મૂલ પ્રત એકનું રૂ૦ાા

આ નાટક ભજવવા આપવાનો હક ગ્રંથકારે સ્વાધીન રાખ્યો છે.

૧૫૨૦

મુંબઈ;
"નિર્ણય-સાગર" પ્રેસમાં છપાયું છે.

અભિનયયુત જનદર્શન, સુવેષવાણીવિષે રસે સોય;—
સ્થિતિકૃતિવસ્તુઅનુકરણ,— **નાટક** રૂપક સુરમ્ય હિત હોય.

**દુષ્યંત**—ચંદ્રવંશી રાજા, યયાતિના પૂરુનો વંશજ.

**સેવકવર્ગ**

સૂત (સારથી), વિદૂષક, પ્રતિહારી–દ્વારપાળ, સેનાપતિ, કંચુકી (રણવાસનો છડીદાર), વૈતાલિક (ભાટ), નાગરિક (કોટવાલ), રક્ષક (સિપાઈ), વેત્રવતી (છડીદાર સ્ત્રી), દાસીઓ.

**માતલિ**—ઇંદ્રનો સારથી.

**સર્વદમન**—( ભરત ) દુષ્યંત તથા શકુંતલાનો પુત્ર.

**કણ્વ**—ઋષિ, શકુંતલાનો પાળક પિતા.

**શિષ્યવર્ગ**

વૈખાનસ, શારંગરવ, શારદ્વત, ઇ૦

**કશ્યપ**—મહામુનિ; બ્રહ્માનો પૌત્ર.

**શકુંતલા**—વિશ્વામિત્ર તથા મેનકાની પુત્રી; દુષ્યંતની રાણી; ભરતની મા

**અનસૂયા**
**પ્રિયંવદા** } કણ્વના આશ્રમમાં શકુંતલાની સખીઓ.

**ગૌતમી**— ,, એક ઘરડી બાઈ–તાપસી.

**અદિતિ**—મુનિ કશ્યપની સ્ત્રી, દેવમાતા.

श्री

# सार-शाकुंतल.

મોટો દેવ સમાધિમગ્ન પણ જે કર્મે રમે જો કદા,
સૃષ્ટીની સગળી હરી ફરિવળી ઊપાવિદે સંપદા;
પૂર્ણજ્ઞાન પવિત્ર સાંબશિવ તે કલ્યાણદાતા સદા,
સત્યસ્નેહતણો કરો જય ભુસી ભાગ્યે લખી આપદા.

---

જે પેલી સૃષ્ટિ પાણી વિધિહુતવહ જે અગ્નિ જે હોમનાર,
જે બેઊ કાળ દાખે રવિ શશિ નભ જે વ્યાપ્ત ને શબ્દકાર;
ઉત્પત્તિસ્થાન છે જે પૃથિવિ પવન જે સાર છે પ્રાણિયોને,
એ એ પ્રત્યક્ષ આઠે મુરતજુગત તે ઈશ રક્ષો તમોને. ૧

...ર—આર્યે! શૃંગાર સિદ્ધ હોય તો અહીં આવવું.
-(આવીને) હું અહીં છું, આર્યપુત્ર! કરવી આજ્ઞા.
-સંસ્કૃત શાકુંતલનો પ્રાકૃત રચિયો પ્રમાણમાં સાર;
તે ગુજરાતી જનને દાખવવો છે પ્રથમજ આ વાર.
પ્રયોગ તો લોકને અતિપ્રિય થશે કાંત!
આજે જોવાનું છે.
સંદેહ .. કેમ પડો છો પ્રિય!
ણ વર્તમાન પ્રેક્ષકજનની પાત્રતા ને નાટકપાત્રની સિદ્ધતા?
અંત રહો; લોકની અભિરુચિ જોઈલેઈ કવિશ્રી નર્મદાશંકરે
મેલ રચ્યો છે ને હાવભાવ વિષયમાં ઉત્તમ બોધ રાજેશ્રી ગણ-
રાપંત ખાપરડેએ દીધો છે પાત્રવર્ગને.
-છેજ, પણ
સંતોષે વિદ્વજ્જન તોજ ખરું લહું પ્રયોગનું જ્ઞાન;
શિખેલ રૂડાનાં પણ ચિતને હોયે પતીજ નિજમાં ન. ૨
નટી—ખરું છે કાંત! પ્રથમ શું કરીશું?
સૂત્ર૦—સભાજનના કાનને આનંદ આપવો એ વિના બીજું શું?
તો કાંઈ, ઋતુને ગા.

નટી—વારૂ, કિયા ઋતુને વરણું ?

સૂત્ર૦—બેસતા ઉનાળાને, કેમકે

ગમતાં નાવણ જળમાં પાટલસંગે સુગંધ વનવાત,
નિદ્રા છાયાસ્થાને સુલભ રમણીય દિનાંત સોહાત. ૩

નટી—લો ઠીક, ગાઉં. ઋતુને પ્રભાવે, પ્રમદા નાર–
કુમળાં કેસરશિર ભ્રમરે ચુંબિત કંઈ,
એહવે સરસવ ફૂલે, કાનને સુહાવે.–પ્રમદા૦ ૪

સૂત્ર૦—આહા સભાની ચિત્તવૃત્તિ ગાનના રંગમાં કેવી મળી રહી છે!
કિયા વિષયને લેઈ ખેલ કરીશું ?

નટી—વિસરી ગયા કે શું વલ્લભ? શાકુંતલાનો.

સૂત્ર૦—સારૂં સંભાર્યું.

હું હરાયો બળાત્કારે તારા હારક રાગથી;
જેમ દુષ્યંત આ રાજા વેગવાળે મૃગે અતિ. ૫

(જાયછે.)

---

# અંક પેલો.

## (તપોવન.)

(રથમાં બેઠેલો રાજા દુષ્યંત પોતાના સારથી સાથે આવેછે.)

સૂત—(રાજાને ને મૃગને જોઈ) આયુષ્મન્! કાળામૃગને જોઈ
ચઢાવેલ ધનુષ્ય સાથે આપને જોઈશું તો સાક્ષાત્।
ની પૂઠ પડ્યા હોયની એવા દીસોછો.

રાજા—સૂત! મૃગ આપણને બહુ દૂર ખેંચી લાવ્યો ;
ડોકી તો વાળિ રૂડી રથભણિ કરતો દૃષ્ટિ એ વારવાં
કાયા સંકોડિ પૂઠ શરપતન ભયે આગલીને વધારે;
અર્ધાં ચાવ્યાં તૃણાં મો શ્રમથિ ખુલું રહે માર્ગમાં વેરિ દે છ
જો ઝાઝા ઊંચિ ફાળે ગગન ગતિ કરે ભૂમિયે સ્વલ્પ રેછે. ૬
એ કેમ હશે કે આટલો આપણો ધાવો છતે મૃગ યત્ને દૃષ્ટિયે પડેછે?!

સૂત—આયુષ્મન્! ઢેકાઢૈયાની ભાંય હોવાથી મેં રાસ તાણી રાખી રથનો
વેગ ધીમો કીધો તેથી મૃગને ને આપણને બહુ છેટું પડી

અર્થું; પણ હવે આ સપાટ ભૂમિપર તેને પકડી પાડતાં વાર નહિ લાગે.

**રાજા**—તો રાસ ઢીલી મુકીદે.

**સૂત**—જેમ આજ્ઞા આયુષ્મન્! જુઓ જુઓ—

દોરી ઢીલી મુકાકે તરત કરિ દિધી ડોકિ સીધીજ લાંબી,
કાનો ઊભા થએલા વળિ કલગિતણી ટોંચ ના કાંઈ કાંપી;
ના જાવા દે અગાડી નિજપદથિ ઉડી ધૂળને મોરિ હોડે,
સંખાતો વેગ જેથી નથિ હરિણતણો એહવા અશ્વ દોડે. ૭

**રાજા**—(હરખે) ખરૂં! આ ઘોડા તો સૂર્યના ઘોડાને પણ પાછળ પાડી દે તેવા છે, કેમકે

ઝીણું જોવામાં તે, સહજ બનિ મોટુંજ સઘળું,
વચેથી તૂટેલું, દિસતું સત સંજુક્ત સગળું;
છતૂં વાંકૂ તે તો, સરળ સિધું ભાસે વળિ કંઈ,
ક્ષણે આમું છે કે, નિકટ રથ વેગે લહું નહીં. ૮

હે સૂત! આ મૃગને મે માર્યોજ જાણ (શરસંધાન કરે છે એટલે.)
(પડદામાંથી) હાં, હાં, રાજા! આશ્રમમાંનો મૃગ છે એ, ન મારવો, ન મારવો.

**સૂત**—(સાંભળી જોઈને) આયુષ્મન્! આપના બાણની ને મૃગની વચ્ચે તપસ્વીઓ આવી ઉભાછે!

**રાજા**—(ગભરાઈને) તો પેલો રાસને તાણી રાખ.

**સૂત**—આજ્ઞા આયુષ્મન્! (રથ રાખેછે કે કણ્વ ઋષિનો શિષ્ય વૈખાનસ એક બીજા સાથે આવેછે.)

**વૈખાનસ**—(હાથ ઉંચા કરી) હાં, હાં, રાજા! આશ્રમમાંનો મૃગ છે, મારીશ મા, મારીશ મા.

નહિ નહિ કર એવો, આકરો બાણલાગ,
મૃગનિ કુમળિ કાયા, પુષ્પ ઊપેર આગ;
વળિ હરિણ તણૂં તે, ચંચળૂં જીવવું ક્યાં!
કઠિણ અતિશ તીખાં, બાણુ તે વજ્રનાં ક્યાં! ૯

માટે મૃગ ઉપર સંધાન કરેલું બાણ પાછું સંવર; તારૂં બાણ પીડિતના રક્ષણને અર્થે છે, નિરપરાધને મારવાને નથી.

**રાજા**—(નમસ્કાર કરી) આ પાછું લીધું ત્યારે (તેમ કરેછે.)

**વૈખા૦**—(હરખે) તું પુરુકુલદીપક છે રાજા! તુને એમજ કરવું ઘટે.

પુરુવંશરાજ તૂંને તો યુક્ત એ કરવું ભલું;
ચક્રવર્તી ગુણોસાથે પુત્ર એવો તું પામજે. ૧૦

બીજા શિષ્યો—( હાથ ઉંચા કરી ) રાજા! અવશ્ય તુને ચક્રવર્તી પુત્ર થાઓ.

રાજા—( અંજલિપૂટે ) બ્રાહ્મણોનું આશિષવચન મેં માથે ચડાવ્યું.

વૈખા૦—રાજા! આ પેલો માલિનીને તીરે કણ્વ મહર્ષિનો આશ્રમ દેખાયછે ત્યાં, બીજાં કાર્યનો બાધ ન હોય તો જાવું ને અતિથિને યોગ્ય એવો સત્કાર પામજો.

રાજા—મહર્ષિ આશ્રમમાં છે શું?

વૈખા૦—પુત્રી શકુંતલાને અતિથિના સત્કારનું કહી એના દૈવમાં કેટલુંક બાધક છે તેની શાંતિને અર્થે અમણાંજ સોમતીર્થે ગયા ઋષિ.

રાજા—ઠીક, હું મળીશ એટલે તે, મહર્ષિને જણાવશે કે દર્શનને આવ્યો હતો.

વૈખા૦—ત્યારે અમે સમિધ આણવાને જઈયે છિયે. ( બધા જાયછે. )

રાજા—સૂત! ચાલ વેલા ઘોડા હાંક, પુણ્યાશ્રમને દર્શને પોતાને પવિત્ર કરિયે.

સૂત—આજ્ઞા આયુષ્મન્! ( ઉતાવળે હાંકેછે. )

રાજા—( ચારે પાસે જોતાં ) સૂત! ચિન્હ ઉપરથીજ આ તપોવનની ભૂમિ છે એવું સ્પષ્ટ સમજાય છે; જો :

ઝાડતણી આ બખોલમાં પોપટના માળા, તેમાંથી તો નમારકેરા કણ બહુ ગરતા; કો ઠામે છે પત્થર ચિકણા સૂચવતા હિંગોરા છૂંદ્યાં તેલ કાઢવા તપસ્વિયોએ; મારગમાં પાણીનાં ટીપાં ને વળિ લીટા દેખાએ તે ઋષિજનકેરાં વલ્કલવસ્ત્રો જળાશયોમાં બોળેલાં નીગળતાં લીધાં તેનાં હોએ; પવન ચપળથી ખાબુચિયાનાં પાણીએ તો ઝાડમૂળિયાં ધોવાયાં છે; હોમેલ ઘીને ધૂમાડે ધુમાડિયા રંગે પીળાં સૌ પત્ર ફૂલ ફળ; મોટાં હરણાં શબ્દ મનુષ્યના સુણી ન ભાગે વિશ્વાસે રહી એકગતીએ અહિં તહિં ફરતાં; ને બાળક તે દર્ભ કાપિને સ્વચ્છ કરેલી ઉપવન ભૂમિ તેમાં ચરતાં હળવે હળવે;-રમ્ય અતિ ધર્મક્ષેત્ર સોહે
ભીતરે શ્રમ મારો જોએ. ૧૧

સૂત—એ છે સર્વ, આયુષ્મન્!

રાજા—( રથ થોડેક આગળ ચાલ્યા પછી ) સૂત! તપોવનવાસીને ઉપદ્રવ મા થાઓ; અહીંજ રથ રાખ, કે હું ઉતરૂં.

સૂત—રાસ ખેંચી છે મેં, ઉતરવું આયુષ્મન્!

**રાજા**—( ઉતરીને પોતાને જોઈ ) સૂત ! આશ્રમમાં સાદે વેષે જવું ( આવે ઉ. વેષે નહિ ) આ લે ( આભરણ, ધનુષ્ય બાણ. )

**સૂત**—લેઉછું.

( આપેછે. )

**રાજા**—સૂત ! હું આશ્રમવાસીનાં દર્શન લેઈ પાછો આવું તેટલે તું ઘોડાની પીઠપીઠ ધોઈ સજરાખ.

**સૂત**—આજ્ઞા.

( જાયછે. )

**રાજા**—( ફરીને જોઈને ) આજ દ્વાર છે આશ્રમનું, એમાંથી જાઉં. ( પ્રવેશ કરીને શકુન થયા જેવું સૂચવે છે. )

શાંત સુઆશ્રમ છે ને ફરકે ભુજ ફળ હશે શું આ ઠાર;
અથવા હોનારાંને સર્વત્રજ હોયછે વળી દ્વાર. ૧૨

( પડદામાં ) આમ આમ પ્રિય સખિયો !

**રાજા**—( કાન દેઈ ) જમણી કોરના વૃક્ષોની હારમાંથી કોઈ બોલતું સંભળાયછે! હું ત્યાં જાઉં; ( ફરીને જોઈ ) તપસ્વીની કન્યાઓ પોતપોતાને જોગા નાના નાના ઘડા સાથે નાનાં નાનાં ઝાડને પાણી સિંચવા અહીંજ આવેછે. (નિહાળીને) આહાહા, કેવું મધુર દર્શન એઓનું !

અંતઃપુરને દુર્લભ વપુ આ આશ્રમતણાં જનનું છે જો,
ખરે વાટિકાલતાને તુચ્છ ગણિ ગુણે વનનિ લતાએ તો. ૧૩

લો ઠીક, આ ઝાડની ઓથે રહી એઓ મને ન દેખે તેમ હું એઓને જોઉં શું કરે છે તે.

( સખીઓ સાથે શકુંતલા આવેછે. )

**શકુંતલા**—અહીં, અહીં આવો સહીઓ !

**અનસૂયા**—બેન શકુંતલા ! તાતકણ્વને તારા કર્તા આશ્રમના ઝાડ વધારે વાલાં છે એમ મને લાગે છે કેમકે કુમળી મલ્લિકા જેવી તું તેને તેણે પાણી સિંચવાનું સોંપ્યું છે.

**શકું૦**—સખી અનસૂયા ! તાતે કહ્યુંછે માટેજ કરૂંછું એમ નથી, એ ઝાડો ઉપર મારો પણ ભાંડુ જેવો સ્નેહ છેજ.

( પાણી રેડતી રેડતી આગળ આવે છે. )

**રાજા**—( સ્વગત—વિસ્મય પામી ) હો ! કણ્વઋષિની શકુંતલા તે આજ શું !
અવિચારી છે ભગવાન કણ્વ કે એને આશ્રમધર્મમાં યોજેછે—

ઋષિ ઇચ્છે વપુ પ્રકૃતસુંદર તપ કરવા દૃઢ થાએ;
નીલકમળનાં પત્રની ધારે શમીલતા છેદાવે. ૧૪

શકું૦—સખી અનસૂયા ! પ્રિયંવદાએ વલ્કલ બહુજ તાણીને બાંધ્યું છે તેથી હું સંકડાઈ ગઈછું તો તું ઢીલું કર લગાર.

(કરેછે.)

અન૦—કરૂં છું હો !

પ્રિયંવદા—(હસતાં) એ તો તારી કાયા વધેછે તેથી; એને વધારનારૂં જે તારૂં જોબન તેનો વાંક કાડની, મારો શું કરવા કાડે છે ?

રાજા—(સ્વગત) ખરૂં બોલી એ.

ખભા ઉપર ઝીણી ગાંઠ બાંધેલિ એવે,
ઉરજ ઉભય ઢાંકીનાખતે વલ્કલે એ,
અભિનવવપુશોભા પુષ્ટિ તો નાજ પામે,
જેમ કુસુમ છુપાવું પત્ર પાકેલમાંહે. ૧૫

પણ નહિ, આમ—

કમળ વિંટ્યું સેવાળે પણ કહે રમ્ય સહુ કોએ,
મલિન લાંછને ચંદ્રબિંબ પણ શોભીતું જોએ;
પેરચું વલ્કલ પણ એથી એ અધિક અતિ સોએ,
મધુરાં રૂપો એને મંડન શું વળિ નવ હોએ?
શું વળિ નવ હોએરે દૂષણ તે ભૂષણ થઈ સોહે. ૧૬

શકું૦—(આગળ જોઈ) તે કેસરવૃક્ષ વાએ પ્રેરિત પલ્લવરૂપ આંગળીએ ત્વરાએ તેડે છે મને, તો હવે હું તેની સંભાવના કરૂં.

(ત્યાં જાયછે.)

પ્રિયં૦—અલી શકુંતલા ! ક્ષણભર ત્યાંજ ઊભી રહેજે.

શકું૦—કેમ વારૂ ?

પ્રિય૦—લતા સાથેજ હોયની એમ કેસરવૃક્ષ ભાસે છે.

શકું૦—હવે તો ખરી પ્રિયંવદા તું.

રાજા—(સ્વગત) પ્રિયંવદા પ્રિય બોલી ને વળી તથ્ય; એમજ છે—

અધર કુંપળને રંગે સોહેછે,
કુમળી ડાળી જેવા બાહુ સોહેછે;
અંગે વ્યાપ્યું જોબન ઝળકે છે,
પુષ્પ પેરે જોઈ મન સળકે છે. ૧૭

અન૦—બેન શકુંતલા ! આ સ્વયંવર વહુ આંબાની જેને તેં વનજ્યોત્સ્ની નામ આપ્યું છે તેનેજ વિસરી જાયછે ?

શકું૦—એને વિસરૂં તો હું પોતાને પણ વિસરૂં (વેલી વેલી પાસે જઈ જોઈ) સખી ! રમ્યકાળમાં વેલી તથા વૃક્ષનો સમાગમ થયો છે; વન

જ્યોત્સ્નીને નવે ફૂલે જોબન આવ્યું છે ને આંબો બહુપલ્લવે ઉપ-
ભોગ કરવાને યોગ્ય થયો છે !

**પ્રિયં૦**—(મલકાતી) અલી અનસૂયા ! બહુવાર થઈ શકુંતલા વનજ્યો-
ત્સ્નીને જોયાં કરેછે તે તું સમજી કે ?

**અન૦**—ના પ્રિયંવદા, હું કંઈ ધારી શકતી નથી, કહે મને.

**પ્રિયં૦**—જેમ વનજ્યોત્સ્ની પોતાને યોગ્ય આંબાને મળી તેમ હું પણ
મનમાન્યા યોગ્ય વરને મળું એવું એ ઇચ્છે છે.

**શકું૦**—એતો તેં તારો પોતાનો મનોરથ કહ્યો. (ઘડો બધો ઢોળી દેછે.)

**રાજા**—(સ્વગત) બ્રાહ્મણની, પણ બીજી વર્ણના ક્ષેત્રથી તે ઉત્પન્ન થઈ
હોય તો સારૂં; પણ સંદેહ કરે શું ?

ક્ષત્રી વરી શકે તેવી ખરે એ,
અભિલાષ એનો મારૂં મન કરે તે;
સંદેહ પડતો વસ્તુ વિષે જ્યાં,
અંતર્વૃત્તિ ખરૂં જ કહે ત્યાં. ૧૯

કંઈ નહિ, હું એની ખરી ભાળ કાઢીશ.

**શકું૦**—(ગાભરી) રે બેન, મલ્લિકાને પાણી સિંચતાં આકળો થયલો
ભ્રમર તેને છોડી મારા મોડાંપર આવી ભમેછે !
(પીડા થઈ એવું દેખાડે છે.)

**રાજા**—(સ્વગત સ્પૃહાએ) અમે વિચારે રહ્યા, મધુકર ! કર્યું સિદ્ધ તેં કાર્ય.
અતી કાંપતી ચપળ આંખને, અડકે વારંવાર;
કાનકને મૃદુ ગુણગુણ કરીને, સુણવે ગુજ હિતકાર;
ઉંચા હાથ કરી વારે એ પણ, પીએ અધર રતિસાર.—મધુકર૦ ૨૦

**શકું૦**—એ ધીટ ખસતોજ નથી, બીજે કહીં જાઉં (થોડેક જઈ વાંકી દ્રષ્ટિયે
જોય છે) કેમ તે અહીં પણ આવેછે સખી ? સખીઓ ! મારૂં
રક્ષણ કરો રક્ષણ કરો ; આ ઉદ્ધત દુષ્ટ ભ્રમરથી હું ત્રાસ
પામીછું.

**બેઉસખી**—(કંઈક હસતાં) અમે કોણ તારૂં રક્ષણ કરવાને ? દુષ્યંતને સાદ
કર, રાજાજ તપોવનનું રક્ષણ કરેછે.

**રાજા**—(સ્વગત) પ્રગટ થવાનો ખરો સમો આજ છે. (મોટેથી) ન બીવું
(એટલુંજ બોલી ધીમે) એમ તો રાજા છું તે જણાઇ પડશે, જણાઓ.

**શકું૦**—(એક પગલું ભરી ઊભી રહી) કેમ અહીં પણ મારી પાછળ આવેછે !

**રાજા**—(ઉતાવળો પાસે આવી) દુષ્ટ દંડક રાજા પૈરવ છતે તપસ્વી કન્યા મુ
ગ્ધાઓને કોણ અમર્યાદ થાયછે ?

(સર્વે રાજાને જોઈ કંઈક ભ્રાંતિમાં પડી જાયછે.)

અન૦—આર્ય ! અનર્થ કાંઈ પણ નથી, આ અમારી પ્રિયસખી ભ્રમરથી બીધીછે (શકુંતલાને દેખડાવેછે.)

રાજા—(શકુંતલાની સામાં ઊભો રહી) તપની વૃદ્ધિ છેની ?

(શકુંતલા લજ્જાએ ઉત્તર ન દેતાં નીચું જોયછે.)

અન૦—હા, હવે આપ સરખા ઉત્તમ અતિથિને લાભે છેજ. બેન શકુંતલા ! જા ને કુટીમાંથી ફળમિશ્રઅર્ઘ્ય લેઈ આવ, પાદોદકતો અહિં છેજ.

રાજા—આ તમારી પ્રિય સત્ય વાણીએજ આતિથ્ય કીધું.

પ્રિયં૦—તો હવે આ સપ્તપર્ણની શીતળ ગાઢી છાયાતળે ઓટલી ઉપર ઘડી એક બેસી વિશ્રાંતિ લેવી આર્ય !

રાજા—તમને પણ આ કામથી શ્રમ થયો છે માટે તમે પણ બેસો.

અન૦—બેન શકુંતલા ! અતિથિની પાસે રહી સેવા કરવી આપણને ઘટેછે, અહીં બેસીએ.

શકું૦—(સ્વગત) એમ કેમ ? અરે આ પુરુષને જોઈ તપોવનને વિરૂદ્ધ વિકાર મારા ચિત્તમાં ઉત્પન્ન થાયછે !

રાજા—(સર્વને જોઈ) અહો સમાન વયરૂપવાળી તમારી મૈત્રિ રમણીય છે !

પ્રિયં—(ધીમે) સખી અનસૂયા ! આ ચતુર ગંભીર આકૃતિમાન્ મધુર ભાષણ કરનારો ચંદ્રસરખી કાંતિવાળો કોણ હશે વારૂ ?

અન૦—મને પણ અચરજ લાગેછે સખી ! અમણાં પુછુંછું એને (પ્રગટ) આર્યના મધુર ભાષણે ઉત્પન્ન કરેલો વિશ્વાસ બોલાવે છે કે આર્ય કીઆ રાજર્ષિવંશને શોભા આપોછો ને કીઆ દેશના કીઆ લોકને ઉત્કંઠિત કીધાછે વિરહે ? વળી કીઆ કારણે સકુમાર શરીરને તપોવનમાં આવવાનો શ્રમ પમાડ્યો ?

શકું૦—(પોતાને) રે હૈડાં, ઉતાવળું મા થા, તારાજ ચિંત્યાનું આ અનસૂયા પૂછે છે.

રાજા—(સ્વગત) કેમ હવે પોતાને પ્રગટ જણાવું કે ગુપ્ત રાખું ? ના, આમજ કહું (પ્રકાશ) પૌરવે જેને ધર્માધિકારે યોજ્યોછે તે હું છું; નિર્વિઘ્ને ક્રિયા ચાલેછે કે નહિ તે જાણવાને આ ધર્મારણ્યમાં આવ્યોછું.

અન૦—ધર્માચરણ કરનારાં સનાથ થયાં હવે.

શકું૦—(લાજ પામ્યા જેવું દાખવે છે.)

પ્રિઉસખી—( દુષ્યંત તથા શકુંતલાની ચેષ્ટા જોઈ) સખી શકુંતલા! જો અહીં આજ તાત હોત તો?

શકું૦—તો શું થાત?

સખીઓ—તેણે સગળો જીવનગાળો આપી આ અતિથિનો સત્કાર કર્યો હોત.

શકું૦—ચાલો તમે તો હૈયામાં કંઈ કંઈ યોજીને બોલોછો, તમારૂં ભાષણ હું સાંભળતીજ નથી.

પ્રિયં૦—( કંઈક હસતી, શકુંતલાને જોઈ દુષ્યંત ભણી મોઢું રાખી) વળી કંઈ કહેવાને ઈચ્છોછો એવું દીસેછે આર્ય!

રાજા—હા, ભગવાન્ કણ્વ તો નિત્ય બ્રહ્મવિચાર કરેછે ને આ તમારી સખી તેની કન્યા એ કેમ?

અન૦—આર્ય! સાંભળવું. ઋષિ વિશ્વામિત્ર ને અપ્સરા મેનકા એ બેથી એની ઉત્પત્તિ છે; (શકુંતલા લજ્જિત થાયછે) પણ પછી એ તજેલીનું તાત કણ્વે પાલણપોષણ કીધું માટે એ તેના પિતા છે.

રાજા—ઠીક; તમારી સખી વિષે બીજું પુછવાનું આ છે કે—

વિવાહ એનો કીધો નથી તો, જીવતાં લગી વ્રત ધરશે શું?
ઈચ્છાને અટકાવ કરંતૂ, તાપસકર્મ આચરશે શું?
પોતાના જેવી આંખોવાળી, હરણીની સંગત કરશે શું?
એનો મોટો સંશય મુજને, ચિત્તમાં એમ એ ઠરશે શું? ૨૦

પ્રિયં૦—આર્ય! ધર્માચરણ રાખવાવિષે પણ એ પરવશ છે, ગુરુનો સંકલ્પ વળી યોગ્ય વરને આપવી એવો છે.

રાજા—( સ્વગત ) દુઃખે પ્રાપ્ત થાય તેવી નથી—

થા તું હૃદય અભિલાષી, હવે સમુળો ટળ્યોજ સંદેહ;
શંકતું અગ્ની જેને, રત્ન ખરે સ્પર્શવ્યોગું તે એહ. ૨૧

શકું૦—અનસૂયા! હું જાઉંછું.

અન૦—કેમ વારૂ?

શકું૦—આ પ્રિયંવદા અસંગત બોલ્યાં કરેછે તો હું જઇ માજી ગૌતમીને કહુંછું.

અન૦—આ મહત અતિથિને પૂરો સત્કાર કરવો છોડી દેઈ સ્વછંદે જવું એ તને યોગ્ય નથી.

શકું૦—(ઉત્તર ન દેતાં ચાલવા માંડેછે.)

પ્રિયં૦—(અટકાવીને) સખી! તારે જવું ઘટતું નથી.

શકું૦—(ભવાં ચડાવી) કેમ?

પ્રિયં૦—તારે દેવું છે એ ઝાડને પાણી પાવાનું મને માટે ? ’વ. ને તેથી
છૂટી થઈને જજે. ( એમ બળાત્કારે તેને અટકાવે છે.)

રાજા—ભદ્રે ! વૃક્ષને સિંચન કરી કરી એ થાકી ગઈ છે એમ હું ધારૂં છું.

રકંધ શિથિલ ને હથેલી રાતા એવા ભુજ દેખાયે,
ઘડા ઊંચકે અધિક શ્વાસથી છાતી બહુ કંપાયે;
મુખ મગ્લે સામે ચોંટયાં કર્ણોત્પલ તો ગાલે,
અંબોડો છુટીગયે કેશને એક કરે તે ઝાલે. ૨૨

તો હુંજ એને ઋણથી મુક્ત કરૂં છું. (અંગુઠી કાઢે છે)

( બેઉ સખી અંગુઠીના નામાક્ષર વાંચી પરસ્પર સામું જોય છે.)

રાજા—બીજી કોઈ કલ્પના કરશો મા ડોસાળાઓ, હું રાજપુરુષ છું
એમ જાણો.

પ્રિયં૦—પણ અંગુઠીને આંગળીનો વિયોગ થાય એ ઠીક નહિ, આ-
યેના વચનથીજ એ ઋણમુક્ત થઈ. સખી શકુંતલા ! આ
દયાળુ આર્યે અથવા મહારાજે તને ઋણમુક્ત કરી તો
હવે જા.

શકું૦—(સ્વગત) જાઉં, પણ મારૂં મન મારે સ્વાધીન હોય તો કે ? (પ્રગટ)
તું મને કોણ કહેનારી જા કે રહે.

રાજા—(સ્વગત) ખરે શું જેમ મારૂં મન એની ભણી છે તેમ એનું પણ
મારી ભણી છે ? અથવા મારી ઇચ્છાને આશ્રય મળ્યો.

મેળે ન વાણિ જદપી મુજ વાણિ સંગે,
દે છેજ કાન મુજ ભાષણને ઉમંગે;
ઊભી રહે નવ ઠરી મુજ દૃષ્ટિ સામી,
એની સુદૃષ્ટિ કહિં અન્ય જવા ન પામી. ૨૩

(પડદામાં) હોહો તપસ્વિયો ! પાસે રહેજો તપોવનના પ્રાણીની
રક્ષાને અર્થે. ઢુંકડે છે મૃગયાવિહારી રાજા દુષ્યંત.

ધૂળ ધૂળ જ્યાં તહાં, અશ્વખરીથી ઉડતી,
ડાળે સૂકે ભિનાં વલ્કલો તેપર પડતી,
ઝાંખી રાતી તેહ ઝાડ આશ્રમના ઊપર,
ઝુંડઝુંડમાં તીડ તેમ ધસિ બેસે ભરભર,
દેખી રથને અહીં અવીશે ભડક્યો હાથી,
તોડી પાડે ઝાડ સૂંઢના ભારી ઘાથી,

પગમાં તો લપટાઈ ગઈ છે વેલી જેને,
હરણો ભાગી જાય ભયે દેખીને તેને,
તપનો કરવા ભંગ વિઘ્નમુર્તી શું આવી ? !
ધર્મવનમાં તેહ દિઠી નહિ કોદી આવી. ૨૪

( સાંભળી સર્વે ગભરાયા જેવા દેખાયછે. )

રાજા—(સ્વગત) ધિક્ નગરલોકને કે મને શોધવા આવી આ તપોવનને ઉપદ્રવ કરેછે; હશે, જાઉંછું અમણા.

સખીઓ—આર્ય ! આ આરણ્ય વૃત્તાંતે અમે બહુ વ્યાકુળ થયાં છિયે, પર્ણશાળામાં જવાની આજ્ઞા આપવી.

રાજા—(અનિષ) જાઓ તમે, અમે પણ આશ્રમને પીડા ન થાય તેમ કરવા જઈશું.

સખીઓ—યોગ્ય સત્કાર થયો નથી માટે ફરી દર્શનને માટે વિનંતિ કરતા સંકોચ પામીએ છિયે.

રાજા—ના, એમ મા બોલો, તમારે દર્શનેજ હું સત્કાર પામી ચુકયો છું

શાકું૦—અનસુયા ! નવા દર્ભનો કાંટો મારા પગમાં વાગ્યો છે ને વલ્કલ કુરુબકની ડાળમાં ભેરવાયું છે એને કાઢું ત્યાં લગી તું ઉભી રહેજે ( એમ રાજાને જોતી મસે વાર લગાડી પછી સખી સાથે જાયછે. )

રાજા—હવે નગરે જવાને હું તેટલો ઉત્સુક નથી; મારો શોધ કરવા આવેલાઓને મળી તપોવનથી થોડેક દૂર તેઓને રાખીશ. ખરે શકુંતલાએ દેખાડેલી ચેષ્ટામાથી હું પોતાને નિવર્ત કરવાને શક્તિમાન નથી—

જાયે તન આગળ પણ, પાછળ દોડેજ ચિત્તતો વ્યગ્ર;
સામે વાએ ઊડે, ઉલટું વળીને ધ્વજપટનૂ અગ્ર. ૨૫ (જાયછે.

## અંક બીજો.

( વિદૂષક આવે છે. )

વિદૂષક—(નિસાસો મુકી) મહાકષ્ટ ! આ મૃગયાશીલ મિત્ર રાજાની સગતથી હું કંટાળ્યો. આ હરણ, આ ભૂંડ, આ વાઘ એમ ભટકયાંજ કરવાનું તો, વળી બપોરે ને ઊનાળાથી ઓછાં પાંદડાને લીધે થોડી છાયાના મારગોમાં, એક રાનમાંથી બીજા રાનમાં !

પહાડના ઝરણનાં પાણી પાંદડાના ભેળથી કટાણાં કડવાં પીવા પડે ને સળીઆએ સેકેલું માંસ વિશેષે એવું ખાવાનું ને એ વળી નહિં વેળાસર! ઘોડા પાછળ દોડતાં સાંધા સજ્જડ થઇ જવાથી રાતે પણ ઝંપીને સુવાતું નથી! ને પોહ ન ફાટી તેટલે તો પક્ષીની પારધ કરનારા દાસીજણ્યા શાન રોકવાને બગાડા પાડવામંડ્યાજ છેની, તેથી ઝબકી જાગુંછું. શું એટલે-થીજ પાડા મારી પતી કે? રે ગોડ ઉપર ફોલ્લો તેવું થયું!—

કાલે અમે પાછળ રહી ગયલા ને રાજશ્રી મૃગની પાછળ લાગતાં આશ્રમમાં ભરાવા તો ત્યાં તાપસકન્યા શકુંતલા, ભોગ જાગ્યા મારા કે તેની દૃષ્ટિયે પડી—હવે નગરે જવાનું મન કેમે તે નહિં કરે! આજે પણ તેનુંજ ચિંતવન કરતાં ન મળી આંખોએ તેને વહાણું વાયું છે! શું કરવું? આચાર શૃંગારથી પરિવારીલે તો પછી તેને મળું.

(અહીં તહીં ફરી જોઈ)

રે. આ, હાથમાં ધનુષ્યબાણ ને કોટમાં વનફૂલની માળા એવી યવનીઓની વચમાં આણીગમજ આવેછે પ્રિય વયસ્ય! ઠીક ઠીક, અંગભંગ વિકળ જેવો થઇ લાકડી ટેકી ઉભો રહું, એટલો નામનો એ વિસામો તો લેઊં (તેમ કરેછે.)

(તવે ઉપર કહ્યા પ્રમાણે રાજા આવેછે.)

રાજા—(સ્વગત) પ્રાપ્ત થતી મેલી નથી પણ મારૂં મન તેની ચેષ્ટા ભણી જાયછે અને ઇચ્છા પાર પડી નથી પણ બંનેના મન પ્રીતિ દાખેછે. પણ એ મારૂં કહેવું તો હસી કાઢવા જેવુંછે. કેમકે—

જુએ સ્ત્રી બીજાને, તદપિ મુજને એહવું વદે,
નિતંબે ભારે જો હિંડતિ ધિમિ તો હ્હેકતિ મદે;
સખી સાથે છાની કરતિ ગુજ તો તે મુજ કહે,
કૃતી તેની સંધી નિજ ઉપર કામીજન લહે. ૨૬

વિદૂ૰—ઓ વયસ્ય! મારા હાથ પગ લાંબા થતા નથી માટે માત્ર વાણી એજ ભણુંછું, તારો જયજયકાર થાઓ.

રાજા—(જોઈને હસતાં) શાથી તારૂં ગાત્ર રહી ગયું?

વિદૂ૰—એ તે શું પુછવું કે શાથી! પોતેજ મારી આંખને આકળી કરેછે ને વળી આંસુંનું કારણ પુછેછે?

રાજા—ખરે હું ન સમજ્યો, જૂદો શો અર્થ છે તે કહે.

વિદૂ૰—રાજ્યકાર્ય છોડી મનુષ્યનો સંચાર નહિં એવા ઘોર અરણ્યમાં

વનસ્થાનવૃત્તીએ પશુઓની પાછળ ફરવું એ તે શી ઘેલાઈ મૃગયાનો રૂપ એથી કંઈજ લાભ નથી. મારે પણ તારી સાથે રખડી પશુઓ પાછળ દોડવું પડેછે તેથી હું ગાત્રભંગ થયોછું; માટે પ્રસાદ આપ કે એક દિવસ પણ છૂટો રહું ને વિસામો પામું.

રાજા—( સ્વગત ) એ એમ બોલેછે ને કણ્વકન્યાને સ્મરણે મારૂં ચિત્ત પણ મૃગયા ઉપરથી ઉઠી ગયુંછે ! વળી જેના સહવાસમાં પ્રિયા છે ને જેણે એને પોતાની પેઠે કુમળું કુમળું જોતાં શિખવ્યું છે તેના ઉપર મારાથી બાણ કેમ યોજાય !

વિદૂ૦—( રાજાનું મુખ જોઈ ) વયસ્ય તો કાંઈ હૈયામાં ગાંઠી વિચારેછે; હું બોલ્યો તે રાનમાંજ રડ્યો તો !

રાજા—( હસીને ) આ તું મિત્રનું વચન ઉથાપવું નહિ તેથી હું કંઈ બોલ્યો નહિ.

વિદૂ૦—( સંતોષે ) તો તું ચિરંજીવ રહે. ( જવાનું કરેછે. )

રાજા—વયસ્ય ઉભો રહે, મારે કંઈ કહેવું છે તને. વિસામો લીધા પછી જેમા શ્રમ નહિ તેવા અમારા કામમાં તારે સહાય રહેવું.

વિદૂ૦—લાડુ ખાવામાં ?

રાજા—હું કહીશ. કોણ છેરે અહીં ?

પ્રતિહાર—( પ્રણામ કરી ) કરીએ આજ્ઞા ભર્તા !

રાજા—સેનાપતિને બોલાવ.

પ્રતિ૦—આજ્ઞા.

સેનાપતિ—( આવતાં રાજાને જોતાં ) દેખાતો દોષ છતે મૃગયાએ સ્વામીને ગુણ તો થયોછે ખરો.

આપતણા નિત ઘર્ષણથી થયું પૂર્વવપૂ બહુ કઠણ એવા,
સૂર્યતણા અતિ તાપ સહે શ્રમલેશથકી પણ મ્લાન ન તેવા;
માંસ ઘટે પણ સ્નાયુ વધે રૂડું અંગવાળું કરવે વળિ હેવા,
દેવ દિસે બળશક્તિથિ હૃષ્ટ કહૂં ગિરિયે ચરતા ગજ જેવા. ૨૭

( પાસે જઈ ) જયતુ જયતુ સ્વામી ! ને આપતો અહીંજ બેસી રહ્યાછો.

રાજા—મૃગયાનિંદક માધવ્યે મારી હોંસ ઓછી કરી નાખી.

સેના૦—( વિદૂષકને કાનમાં ) સખા ! તું તારૂં બોલ્યું ફેરવીશ નહિ, હું સ્વામીની ચિત્તવૃત્તિને અનુસરીનેજ વર્ત્તીશ. ( પ્રગટ ) દેવ ! એતો બકેછે રાંડીનો; પ્રભુ પોતાના ઉપરથીજ જોશે કે—

મેદ ઘટે કૃશ પેટ થતે વપુ ચંચળ ને સબળુંજ હોયે,
ક્રોધભયાદિ વિકાર અરણ્યજ પ્રાણિતણા સહજે જણાયે;
લક્ષ્ય ચળે નહિ બાણતણો ધનુધારિ યશો વળિ તે વખણાયે,
એ સરખો નથિ અન્ય વિનોદ વૃથા મૃગયા વળિ નિંદિત થાયે. ૨૮

વિદૂ૦—હાંસીલો તુ છે તો રનો રાન રવડી માણસનાં નાકના લોભી કોઈ ઘરડાંઢોંચ રીંછના મોંડામાં પડ, દાસીજણ્યા!

રાજા—ભદ્ર સેનાપતિ! આશ્રમની પાસે છિયે એટલામાટે તમારૂં બોલવું અમે માન્ય કરતા નથી.—

છો ભેંસો પડિ તે પછાડિ શિંગડાં ડોળે તળાવે જળ,
ને ટોળે મળિ છાંયડે મૃગ ઠરી વાગોળતા રહે ખડ;
ને હારે રહિ ભૂંડ મોથ ભચડે ખાબોચિયે નિર્ભયે.
ને ઢીલા ગુણબંધનું ધનુષ આ વિશ્રામ પામો હવે. ૨૯

તો જઈને રાનઘેરૂઓને નિવર્તે પમાડો અને મારા કોઈ સૈનિકો તપોવનને ઉપદ્રવ કરતા હોય તેને વારો.

સેના૦—જેમ સ્વામીની આજ્ઞા. (જાય છે.)

રાજા—(યવનીઓ ભણી જોઈને) તમે સૌ હવે મૃગયાનો વેશ બદલી નાખો.

યવની—આજ્ઞા મહારાજ! (જાય છે)

વિદૂ૦—ઠીક કીધું, બણબણતી માખી પણ અહીં રાખી નહિ; હવે પેલાં ઝાડને છાંયડે વેલાને માંડવે રમણીય એવાં ઉંચાં આસનપર બેસવું એટલે હું પણ ક્ષણભર બેસીને વિસામો લેઉં.

રાજા—તું ચાલ આગળ.

વિદૂ૦—વયસ્ય તું પણ વહેલો આવ. (બંને જઈ ઓટલીપર બેસે છે)

રાજા—સખા! તું નેત્રનું ફળ પામ્યો નથી; તારે જોવાજોગ ઉત્તમ વસ્તુ તે તે જોઈજ નથી.

વિદૂ૦—તેતો તું મારી આગળ છેજ.

રાજા—ખરૂં કે સહુ પોત પોતીકાંને સુંદર દેખે છે પણ હું તો આ આશ્રમને ભૂષણરૂપ જે શકુંતલા તેને વિષે બોલું છું.

વિદૂ૦—(સ્વગત) હવે એને વધારે બોલવાને અવકાશ ન આપવો. (પ્રગટ) તે તપસ્વી કન્યાની માગણી તો થઈ શકવાની નથી, ત્યારે તેને જોયાથી શું?

રાજા—ત્યાજ કરવા જેવી વસ્તુભણી પૌરવનું મન જતુંજ નથી.

દેવાંગનાથિ નિપજી તજેલિને કરિલિધી મુનીએરે,
આ ઉપર પડ્યું આવી ફૂલ નવી માલિકાનું એપેરે. ૩૦

વિદૂ૦—(હસીને) ખજૂર ખાઈ ખાઈ જે ઓચાઈ ગયો હોય તેને આમલીનું બેડકું ખાવા ઉપર રૂચિ થાયછે; તેમ અંતઃપુરની રત્ન જેવી સ્ત્રિયોનો ભોગ કરી રહ્યા ત્યારે હવે એની ઈચ્છા કરોછો.

રાજા—સખા! તું એને જોઈશ નહિ ત્યાં લગી એમજ બોલીશ.

વિદૂ૦—ત્યારે તો જે તને પણ વિસ્મય ઉત્પન્ન કરે છે તે ખરેખરી રમણીય હશેજ.

રાજા—વયસ્ય! વિશેષ કહે શું!

મોહ્યો મોહ્યો હું તો રૂપસુંદરીને,
એ તો ઉત્તમ ગુણોએ છે ભરી—મોહ્યો૦
વિધિએ વિભૂતિ દાખીછે પૂરી,
રૂડું રત્ન અપૂર્વ એ છે વરી.—મોહ્યો૦
પેલી આ લેખી પછી જીવ મુકયો,
કાંતો ઉંચાં રૂપો કલ્પી કરી.—મોહ્યો૦ ૩૧

વળી,

નિમશે કો ભોગી વિધિ, ફળ પુણ્ય ઘણાંનૂં તે—
સખા ન જાણું, ફળ પુણ્ય ઘણાંનૂં તે.—ટેક.
નિર્મળ રૂપ તે ફૂલ અણસૂંધ્યૂં,
કુંણું અંકુર તે નવ નખે તૂટયૂં.—સખા૦
મધ તે નવુ જે નવ કોએ ચાખ્યૂં,
રત્ન વળી જે હજી ન વિંધાયૂં.—સખા૦ ૩૨

વિદૂ૦-ત્યારે તો ત્વરાએ તેનું રક્ષણ કરો, નહિંતર હિંગોળને તેલે ચિકણું કરેલું માથું એવા કોઈ તપસ્વીને હાથ તે જઈ પડશે. પણ વારૂ તારા મનમાં છે તેવું તેના મનમાં છે ખરૂં!

રાજા—સખા!

પાતળીએ કીધું ચરિત્ર,
પાતળીએ કીધું ચરિત્ર.
પાતળીએ કીધું ચરિત્ર રે–પાતળીએતો.
ચાલી જઈ થોડીક આઘી,
અકસ્માત ઊભી ભાખી
કુશઅણી પગમાં વાગીરે–પાતળીએતો.

મારી સામી દૃષ્ટિ રાખી,
વલ્કલ લે હાથ નાખી,
ઝાડવે ભરાયું દાખી રે–પાતળીએતો. ૩૩

પણ તે પરવશ છે, ને ગુરુજન પણ ત્યાં નથી.

**વિદૂ૦**—તો ખાવાનું ભાથું રાખી ચાલ, તેં તપોવનને ઉપવન કીધું હું જોઇશ.

**રાજા**—સખા ! કોઈ કોઈ તપસ્વીઓ મને ઓળખેછે તે જાણીજાય, તો કિયે મિષે આપણે આશ્રમમાં જઈ રહેવું ?

(પડદામાં) આહા ! કૃતાર્થ થયા આપણે.

**રાજા**—(કાન દેઈ) અરે ! ધીર પ્રશાંત સ્વર ઉપરથી તપસ્વીઓ આવ્યાછે એમ જણાય છે.

(પડદામાં).

એણે આ આશ્રમ શુભ કર્યો તે ભર્યો સર્વ ભોગે,
ને સંચે એ તપફળ નિતે લોકકલ્યાણયોગે;
ગંધર્વોએ ગરજિત કર્યો 'રાજ' છે પૂર્વ એવો,
પુણ્યઃ શબ્દઃ 'ઋષિ' વશિતણો સ્પર્શતો સ્વર્ગ તેવો. ૩૪

**તપસ્વીઓ**—રાજા ! તારો વિજય થાઓ.

**રાજા**—(હળવે ઉઠી) હું અભિવંદન કરૂંછું.

**તપ૦**—સ્વસ્તિ. (ફળ આપેછે.)

**રાજા**—(પ્રણામ પૂર્વક લેઈ) આવવાનું પ્રયોજન સાંભળવા ઈચ્છુછું.

**તપ૦**—રાજા અહિં આવ્યો જાણી તપસ્વીઓ પ્રાર્થના કરેછે.

**રાજા**—શી આજ્ઞા કરેછે ?

**તપ૦**—ઋષિ કણ્વ અમણા અહિં ન હોવાથી રાક્ષસો યજ્ઞકર્મમાં વિઘ્ન કરેછે માટે તારે આયુધ તથા સારથી સહવર્તમાન થોડા દહાડા અહિંજ વાસ કરવો.

**રાજા**—અનુગ્રહ થયો મારો.

**વિદૂ૦**—(હળવે) એ પ્રાર્થના તો તને ઠીક અનુકૂળ આવી ગઈ.

**રાજા**—(મંદ હસીને) પ્રતિહાર ! સારથીને મારી આજ્ઞા કહે કે ધનુષ્ય-બાણ સાથે રથ વહેલો લેઈ આવે.

**પ્રતિ૦**—આજ્ઞા, મહારાજ !

**તપ૦**—(હરખાઈ)

આરતવાળાં જનનાં છત્ર અભયના હતાજ દીક્ષિત તે,
પૌરવ પૂર્વજ તારા, તું પણ તેમજ કર રૂડું નિત્યે. ૩૫

રાજા—પધારો ત્યારે, હું પણ તમારી પાછળ આવ્યો જાણો.

તપ૦—વિજય થાઓ. ( જાયછે. )

રાજા—માધવ્યા તપસ્વીઓની આજ્ઞા છે માટે મારે એકલા જવું જોઇએ; તું સૈનિકોને લેઇને રાજધાનીએ જજે ને શકુંતલા વિષે જાણજે કે તેના પર મારો ખરો પ્રેમ નથી, એતો મેં તારૂં હાસ્ય કીધું.

ક્યાં અમ ક્યાં જન ઉછર્યું મૃગબાળકસહ અજાણ રતિવાતે;
હસવામાં ભણ્યું મેં તો સાચું ન માનિશ સખા તું મનમાં તે. ૩૬

વિદૂ૦—હા હા એમજ તો. ( હસતો બબડતો જાયછે. )

# અંક ત્રીજો.

( આશ્રમનાં ઝાડ તળે રાજા બેઠોછે. )

રાજા—( મોટો નિશ્વાસ મૂકેછે ) હા ! ( થોડીક વારે ) હવે કરવું એ કેમ !

જાણૂં બળ તપનૂં હૂં વળિ મુનિકન્યા પરવશ એ સાચૂં,
હેઠાણેથી જળ જયમ, એનામાંથી વળે ન ચિત પાછૂં. ૩૭

ભગવાન્ કામદેવ ! તું ને ચંદ્ર બંનેથી કામિજન વિશ્વાસે ઠગાયછે.

બાણો તારાં ફુલડાંનાં,
ટાઢાં કિરણો ચાંદાનાં;
બે અજુક્ત દુખ દે છાનાં રે, માહરા જેવાને.
છોડે શશિ અગ્નિ છરતો;
વળિ તું જે શરને ધરતો,
વજ્જરસાં તેને કરતો રે, માહરા જેવાને. ૩૮

( વિચાર કરતાં ) હા, તારાં બાણ તીક્ષ્ણ આટલા માટે કે—
શિવક્રોધ અગ્નિ ભડભડતો,
તારામાં હજુએ બળતો;
સાગરમાં વડવાનળ તોરે, એમ હું જાણું.
નહિતર તું રતિરસઘેલો,
બળિ જઇને ખાખ રહેલો;
થાએ કેમ ઉષ્ણ તપેલો રે, માહરા જેવાને. ૩૯

અરે !

મદન આટલું મેં કહ્યું રે, દયા ન આણે કાંઈ.— ૫.
સો સો સંકલ્પે વૃદ્ધિ પમાડ્યો, આમજ કરવું પ્રમાણ !
ચાપને ખેંચી કાનલગી તું, મુજપર મૂકે બાણ.–મદન૦ ૪૦

(આટલું ઠીક છે)
મદન નિત્ય તું જે પીડે, મને ઉપજતું વહાલ.—ટેક.
મોટી ને વળિ ચંચળ જેની નેણ છે કામાણગાર;
તેને માટે મારા પર તું બાણથી કરતો પ્રહાર–મદન૦ ૪૧

(ખેદયુક્ત અહીં તહીં ફરી) યજ્ઞસંબંધી કર્મ તો રૂડી રીતે ચાલેછે; હવે બ્રાહ્મણોની આજ્ઞા પામી શ્રમે વ્યાકુળ એવા મારા આત્માને ક્યાં વિનોદ પમાડું? (નિસાસો મુકી) મારી પ્રિયાના દર્શન વિના બીજું કિયું વિનોદસ્થાન? તો એનેજ ખોળી કાઢું. (સૂર્ય સામું જોઇ) આ ઉગ્રતાપની વેળા તે ક્યાં ગાળતી હશે ! શકુંતલા સખીઓ સાથે ઘણું કરીને લતામંડપવાળા માલિનીને તીરે હશે; હું ત્યાંજ જાઉં. (અહીં તહીં ફરી જોઇ) જેમાંથી ફૂલો તોડ્યાંછે તે વજ પાછાં બિડાયાં નથી ને ફૂલ ચૂંટતાં દાંડીમાં જે દૂધ ઝરેલું તે હજી તેવુંજ છે, તો વૃક્ષની કુંજમાં થઇને એ સુતનુ અમણાંજ ગઇ છે. વળી,

આગળથી ઉપડેલાં, પાછળ ઊંડાં નિતંબને ભારે,
પગલાં નવાંજ દીસે, ધોળી રેતી ચળકતિ તે દ્વારે. ૪૨

એ તે વૃક્ષડાળની પેલી મેર જોઉંછું તેને! (અહીં તહીં ફરી જોઇ) રે પાઓ હું નેત્રનું પરમ સુખ! મારા મનોરથને અતિપ્રિય એવી એ, ફૂલના આસનયુક્ત શિલાપાટ ઉપર પડેલી છે ને સખીઓ સેવા કરેછે. ભલે, હું એઓનું નિરાંત બોલવું સાંભળીશ (એમ જોતો તે બેઠો.)

(પછી શકુંતલા સખીઓ સાથે દેખા દેછે.)

**સખી**—(વા નાખતી) કમળપત્રને વાએ તને સુખ થાયછે બેન ?

**શકું૦**—પ્રિય સખિયો ! તમે શું મને વા નાખોછો ?

**સખીઓ**—(એકમેકના સામું જુએછે.)

**રાજા**—(સ્વગત) શરીર અસ્વસ્થ હોય એવું દેખાયછે (વિતર્ક) શું એને લૂ લાગી હશે કે મારા મનમાં છે તે તેના મનમાં છે? પણ એવો સંદેહ શા માટે ?

છાતીઉપર વાળાકેરો શીતળ લેપ અતીસે;
કમળતંતુનું કડું કરે તે કરમાએલું દીસે;
આવા છતે પણ વપુ પ્રિયાનું અધિક શોભ કરે પીરસે;
ગ્રીષ્મ ક ·· નાપજ સરખા રમ્યપણું નહિં ચીજે. ૪૩

પ્રિયં૦—( જવે) અનસૂયા ! પેલા રાજર્ષિને પ્રથમ દીઠા ત્યારથીજ શકુંતલા " થઈછે, તો તેના નિમિત્તનો પણ આ સંતાપ હોય.

અન૦—( હલવે ) મારા હૈયામાં પણ એજ સંશય ઊઠયોછે; હું એને પૂછુંછું ( પ્રગટ ) બેન શકુંતલા ! મારે પુછવું છે કાંઈ તારા સંતાપવિષે.

શકું૦—( પાસું મરડી સામું જોયછે. ) સખી બોલ, શું પૂછવું છે તારે ?

અન૦—અમે મદનની વાતમાં સમજતાં નથી પણ ઇતિહાસ નિબંધોમાં કામિજનની અવસ્થા સાંભળી છે તે સરખી તારી અમે જોઈયે છિયે, તો કહે, આ સંતાપવિકાર કોણ નિમિત્ત છે? રોગ જાણ્યા વિના ઓસડનો આરંભ થઈ શકતો નથી.

રાજા—(સ્વગત) અનસૂયાને પણ મારાજ જેવો તર્ક ઊઠયો છે.

શકું૦—(સ્વગત) મારો આવેગ તો બળવાન છે પણ તે હું સહસા જણાવી શકતી નથી.

પ્રિયં૦—બેન શકુંતલા ! અનસુયા સાચું પૂછેછે ; તું તારા રોગને ગણકારતી કેમ નથી ? તું દહાડે દહાડે સુકાતી જાયછે, માત્ર અંગની લાવણ્યભરી છાયા તને છોડતી નથી.

રાજા—(સ્વગત) પ્રિયંવદા ખરૂં કહેછે.

મુખ પડયું બહુ ગાલ બેસતે
છબિ ફિકી ખભા છે નમેલ તે;
કઠિણતા ઉરે તો તજી વળી,
કટિ થઈ ગઈ છેક પાતળી;
મદન પીડથી એ પિલાય છે,
ઉભય શોચ્ય ને દર્શનીય છે;
દિસતિ જેવિ કે માધવીલતા,
સ્પરશિ વાયુએ પત્ર શોષતા. ૪૪

શકું૦—( નિસાસો મૂકી ) બીજા કોને કહીશ તમને નહિં તો? પણ તેથી હું તમને શ્રમ આપતી થઈશ.

સખીઓ—બેન એટલાજ માટે અમારો આગ્રહ છે, સ્નેહીજનને ભાગમાં લિધેલું દુઃખ વેદના ખમાય તેવું થાયછે

શકું૦—જયારથી તપોવનની રક્ષા કરનારા તે રાજર્ષિ માં આવી ગયા ( એટલું બોલી લજવાઈ ગઈ

સખીઓ—પ્રિય સખી ! બોલ બોલ.

શાકું૦—ત્યારથી તેનામાં ગયલા અભિલાષે હું આવી અવસ્થ ને પામીછું.

રાજા—(સ્વગત-હરખે) સાંભળવાનું હતું તે સાંભળી લી"

> કામ જ તાપતણો છે હેતુ ને વળિ સમાવનારોએ,
> દિન કાળાં વાદળનો ગ્રીષ્માંતે જયમ દુઃખદસુખદ હોએ. ૪૫

શાકું૦—તો, જેમ તમારૂં અનુમત તેમ હું વર્ત્તીશ; કોઈ પ્રકારે પણ તે રાજર્ષિની મારા પર દયા થાય; નહિં તો અવશ્ય તમે મને તિલોદક આપ્યું જાણજો.

રાજા—(સ્વગત)વાહવા, આ વચને તો મારો સંશય છેદીજ નાંખ્યોને.

પ્રિયં૦—(હળવે)અનુસૂયા ! એ અતિ વધીગયલા કામવાળી બહુકાળ જવો ખમી શકશે નહિં. જેના ઉપર એનું મન લાગ્યુંછે તે પૌરવકુળનું આભૂષણ છે તો સખીની ઇચ્છાને અનુમોદન આપવું એ યુક્ત છે.

અન૦—(હળવે) તું કહેછે તેમજ.

પ્રિયં૦—(શકુંતલાને) સખી! તારી ઇચ્છા યોગ્ય પુરુષ ઉપર થઈછે. મહાનદી સાગરને મુકી બીજે ક્યાં ઉતરવાની હતી? ને માધવી લતાનો અંગિકાર આંબાવિના બીજો કોણ કરે?

રાજા—(સ્વગત) એમાં શું આશ્ચર્ય? નક્ષત્ર વિશાખા તે ચંદ્રકળાનેજ અનુસરતું ચાલે છે.

અન૦—પ્રિયંવદા! કીઓ ત્યારે ઉપાય કે જેણે વિલંબ ન લાગતાં ને કોઈના જાણ્યામાં ન આવતાં આપણી સખીનો મનોરથ પાર પડે?

પ્રિયં૦—કોઈ ન જાણે એને માટે વિચાર કરવાનો પણ વિલંબ ન લાગે તેવો તો સેલો છે.

અન૦—તે કેમ?

પ્રિયં૦—તે રાજર્ષિયે પણ એના ભણી સ્નેહભરી દૃષ્ટિયે પોતાની ઇચ્છા જણાવી છે; તે પણ રાત દહાડો નિદ્રાવિના જાગ્રણે લેવાઈ ગયલો દેખાયછે.

રાજા—( સ્વગત ) ખરે હું સૂકાઈતો ગયોજ છું.

પ્રિયં૦—(વિચારીને) એણે મદનલેખ કરવો, હું તેને ફૂલમાં સંતાડી દેવના ... મષે રાજાને હાથોહાથ આપીશ.

અ... ...શો એ ઉપાય મને ગમ્યો; શકુંતલા કાંઈ બીજું

... પર મારે શું વિચારવાનું છે?

પોતાને વિષે સૂચક એવું કાંઈ મનમાં યોજ સુંદર પદબંધમાં.
સખી! હું યોજું પણ અનાદરથી બીતું વળિ કાંપેછે મારૂં હઈડું.

રાજા—(સ્વગત) એ શંકા શું કરવા?

તે આ ઉભો સંગ ઈછંત તારો,
શંકે ભિરૂ! જેથકિ તુચ્છકારો;
શ્રિયાર્થિ લાભે શ્રિય વા ન લાભે,
શ્રિયે ઈછેલો ક્યમ હોય આઘે? ૪૬

સખીઓ—અરે ઓ નિજગુણને વખોડનારી! એવું તે કોણ હોય કે શરીરને સુખ આપનારી શરદ ચાંદ્રણીને લુગડાનો આડો પડદો કરી વારી રાખે?

શકું૦—(મોઢું મલકાવી) ત્યારે હવે તમારી આજ્ઞાએ હું કરૂં છું.

રાજા:—(સ્વગત) ખરે નિમેષ કરવાં વિસરી ગયલી એવી આંખે હું પ્રિયાને ન્યાળું છું એ યોગ્યજ છે.

પદો રચંતાં એની એક ભ્રુકુટી રહી ઉંચી એવું,
મુખ રોમાંચિત ગાલે કહેછે રાગી મુજપર મન કેવું! ૪૭

શકું૦—સખી! મેં ગીતી જોડી તો ખરી પણ લખવાનું સાધન પાસે નથી.

પ્રિયં૦—આ પોપટના પેટ જેવાં કુમળાં કમળપત્ર ઉપર નખેવતી પાડેલા અક્ષર કર.

શકું૦—(એમ કીધા પછી) સાભળો સંગતવાર અર્થ છે કે નહિં તે.

સખીઓ—સાંભળિયે છિયે.

શકું૦—(વાંચેછ) તુજ નવ જાણું હઈડું પણ રે નિર્દય! દિવસ અને રાત્ર,
કૂડે કામ તપાવે તુમાં મનોરથ કરતિતાણાં ગાત્ર. ૪૮

રાજા—(સ્વગત) મારે દેખા દેવાનો ખરો સમય છે. (સહસા વસી આવી)

હે તનુગાત્રી તૂને મદન તપાવે મને બહુ બાળે,
શશિને મ્લાન કરે દિન પણ તેટલું ના કુમુદિનિને ગાળે. ૪૯

સખીઓ—(રાજાને જોઈ હરખમાં ઉઠી) સ્વાગત છે વણ વિલંબે સિદ્ધિ પામતા મનોરથને!

શકું૦—(રાજાને જોઈ ઉભી થવા જાયછે.)

રાજા—થયું થયું; અમે ઉઠવું શું કરવા? એથી શું વધારે છે?

ફુલસજ્જા ચાંપતાં તંતુ છુંદાએ થયાં સુગંધાળાં,
ગાત્ર ધિકેલાં તાવે યોગ્ય ન કરવે વિવેકના ચા'

અન૦—મહાભાગ! આ શિલાપાટ ઉપર એક પાસ બેસ

રાજા—(બેસેછે).

શાકું૦—( લજ્જિત બેસી રહેછે. )

પ્રિયં૦—મહાભાગ ! તમારા બંન્નેનો પરસ્પર અનુરાગ પ્રત્યક્ષ દેખાછે તોપણ સખીનો સ્નેહ મને બહુબોલી કરી બોલાવે છે.

રાજા—ભદ્રે ! સંકોચ મા રાખ, કહેવાનું તે ન કહ્યાથી પસ્તાવો ઉપજાવે

પ્રિયં૦—પોતાના દેશમાં વસનારાં પીડિતજનની આરત રાજાએ હરવી, એ એનો ધર્મ છે.

રાજા—નથી એથકી બીજો.

પ્રિયં૦—આ અમારી પ્રિય સખી તમારે ઉદ્દેશે કામથી આ અવસ્થાંતરને પોંતી છે તો, એના જીવિતનું અવિલંબે રક્ષણ કરવું તમને ઘટેછે.

રાજા—ભદ્રે ! એ માગવું તો પરસ્પર છે, અવશ્ય તમારો મારા ઉપર અનુગ્રહજ છે.

શાકું૦—(પ્રિયંવદાની સામું જોઈ) અંતઃપુરને વિરહે ઉત્કંઠિત એવા રાજર્ષિને ખોટી કરવે શું ?

રાજા—
સુંદર નેનાળી, હૈડે વસનારી !
હૈડું તારામાં આસક્ત મારૂં—સુંદર૦
એમ છતે જો બીજું કંઈ વિચારે,
ઘવાયો છું કામે વળી પાછો થાઉં—સુંદર૦ ૫૧

અન૦—રાજાઓને બહુ વલ્લભા હોયછે એવું સાંભળ્યું છે તેથી વિનંતિ કરવાની કે આ અમારી પ્રિય સખીને માટે એનાં સંબંધીજનો દુઃખી ન થાય તેવી રીતે એને નિભાવવી.

રાજા—ભદ્રે ! બહુ કહે શું ?
સ્ત્રિયો મારે બહુ તોએ પ્રતિષ્ઠા બે થશે ભલી;
સમુદ્રવસ્ત્રા પૃથ્વી સખી તમારી આ વળી. ૫૨

સખીઓ—હવે અમે નિશ્ચિંત થયાં.

પ્રિયં૦—(આંખનો અણસારો કરી) અનસૂયા ! આ ઉત્સુક મૃગબાળક આણીકોરે દૃષ્ટિ માંડીને પોતાની માને ખોળેછે; ચાલ, એને એની માસાથે ભેગું કરીએ.

(બંને ઉઠીને જાયછે.)

થઈ) અરે હું અશરણ છું, તમો બેમાંથી એક તો અહીં રહો.

**સખીઓ**—પૃથ્વી શરણે જેને તે તો તારી કનેજ છે.

(ચાલી જાયછે.)

**રાજા**—ચિંતા મા કર, આ તારૂં આરાધન કરનારો જન તારી પાસેજ છે.

ગમે દુઃખમાં તેવે ને વળી થંડે,
કરૂં વા તુને હૂં પદ્મપત્રપંખે;
ઓળખંઘે ! પદ રક્તપદ્મ જેમ,
ચાંપું અંકે લઈ થાય સૂખ તેમ. ૫૩

**શાકું૦**—નહિં કરૂં પૂજ્યનો અપરાધ હું. (જવા માંડેછે.)

**રાજા**—સુંદરી ! દિવસ આકરો છે ને આવી તારી અવસ્થા છે.

દુઃખે સહે એવું અંગ, જઈશ તું તડકે શીપેરે.—ટેક.
ઉઠીને ચાલી રે તજી સજ્યા ફુલની જેહ;
વળી કમળદળનું કર્યું ઓઢણ ઉરનૂં તેહ-જઈશ તું૦ ૫૪

**શાકું૦**—પૌરવ ! રાખો, રાખો વિનય, કામે પિડેલી છું પણ હું મારી જાતની ધણી નથી.

**રાજા**—વડીલનું ભય ન રાખ; તે ધર્મ જાણેછે, દોષ નહિં કાઢે.

વળી રાજર્ષિકન્યાઓ સાંભળી પરણી ઘણી,
ખરે વિવાહ ગાંધર્વ સમ્મતિ ત્યાં પિતાતણી. ૫૫

**શાકું૦**—મૂકો અમણા મને, વળી હું સખીઓને પૂછુંછું.

**રાજા**—વારૂ મુકું છું.

**શાકું૦**—ક્યારે ?

**રાજા**—સુંદરી !

અસ્પર્શ કોમળ ફુલનવાંનો ભ્રમરથી ત્યમ હૂં ખરે,
ઉત્સુકથકી તવ અધરનો લેવાય રસ હજુ તાહરે. ૫૬

(મુખ ઉંચું કરવા જાયછે કે.)

**શાકું૦**—(લજ્જાએ પાછું લેઈ લેવા જેવું કરેછે.)

(પડદામાં) ચકવી ! ફરીથી મળજે, પણ અમણાં તો તારા ચકવાની આશા લેઈલે રાત પડવા આવી.

**શાકું૦**—(ગભરાઈ જઈ) પૌરવ ! ખરે આર્યા ગૌતમી આવેછે, મારાં શરીરનું વૃત્તાંત જાણવાને, તો ઝાડને ઓથે થઈ રહો. (રાજા તેમ કરેછે.)

**સખીઓ**—અહીં, અહીં આર્યા ગૌતમી !

**ગૌતમી**—બેટા ! તારો તાવ કાંઈ ઓછો છે કની.

**શકું૦**—આર્યે ! કાંઈએક ઓછો છે.

**ગૌતમી**—આ મંત્રેલે પાણીએ તારા શરીરની પીડા મટી જશે (માથે છાંટી) વત્સે ! દિવસ આથમ્યો, આવ પર્ણકુટીમાં જઈએ.

**શકું૦**—રે હૃદય ! પ્રથમ જ્યારે મનોરથ સુખસિદ્ધિને પામતો હતો ત્યારે તેં ડર ખાધો, હવે તેને વિયોગે વળી ખેદ શો કરવો ! (થોડેક આગળ જઈ ઉભી રહી) હે સંતાપહારક લતામંડપ ! ફરીથી સુખભોગને અર્થે હું તને કહી રાખુંછું.

(દુઃખભરી જાયછે સૌસાથે.)

**રાજા**—(પૂર્વ સ્થળે આવી નિશ્વાસે) ઈચ્છેલી અર્થસિદ્ધિને કેટલાં વિઘ્ન આવી નડેછે ?

વારેવારે મુકતિ અધરે આંગળી નીજ એવૂં,
નાનાવાળું વદતિ તુટતે અક્ષરે રમ્ય એવૂં;
પાંપેણાળી મિઠિજુવતિનું ખાંધ મેરે વળેલૂં.
મોઢૂં ઊંચૂં મથિ કર્યું વળી ના થયૂંરે ચુમેલૂં. ૫૭

પણ હવે હું ક્યાં જાઉં? ના, અહીં પ્રિયાએ ઉપભોગ કરી તજેલા લતા મંડપમાંજ બેસું થોડીકવાર (આસપાસ દૃષ્ટિ કરી.)

શીલા ઊપર પુષ્પસેજ શરિરે ચંપાયલી આ રહી,
ચૂંથાયો સ્મરલેખ પત્રપર જે કાંધેલ તે આ અહીં;
હાથેથી પડ્યું પદ્મતંતુનું કડૂં એ જોઈ આંખે ઠરી,
સેજે શકત નથી જવા હું સ્થળથી એ શૂન્ય તોએ વળી. ૫૮

(આકાશમાં) રાજન્ !

સાંજે થાએ હોમ આરંભ જ્યારે,
વેદી અમી કેરિ ચોમેર ત્યારે;
સંધ્યાઅભ્રો જેવિ છાયા દિસંતી,
ત્રાસંતા સૌ રાક્ષસોની ભમંતી. ૫૯

**રાજા**—આ હું આવ્યો.

---

## વિષ્કંભક.

(આશ્રમમાં અનસૂયા પ્રિયંવદા ફૂલ ચૂંટે છે.)

**અનસૂ**—પ્રિયંવદારે ! ગાંધર્વ વિવાહે કલ્યાણી પ્રિયસખી શકુંતલા યોગ્ય ભર્ત્તાને પામી એથી તો મને નિરાંત થઈ પણ હજી એક વાતે ચિંતા રહી છે ખરી.

પ્રિયં૦—કઈ વાર ?

અન૦—યજ્ઞકર્મ પૂરું થયે રાજર્ષિને ઋષિઓએ વળાવ્યો પણ હવે તે પોતાને નગરે જઈ અંતઃપુરનો સમાગમ કરતો થશે ત્યારે અહીંનું વૃત્તાંત તેને સાંભરશે કે નહિ ?

પ્રિયં૦—નિરાંતે રહેજે કેમકે એવા આકૃતિવિશેષપુરુષ ગુણવિરુદ્ધ આચરણ કરતા નથી; પણ અલી મને તો આ ચિંતા થાયછે કે તાત તીર્થયાત્રા કરી આવ્યા છે તે શું કહેશે ?

અન૦—મને તો લાગે છે કે અનુમોદન આપશેજ.

પ્રિયં૦—પૂજાના કામને જોઈએ તેટલાં તો ફૂલ ચૂંટાયાં.

અન૦—વારુ, આપણે શકુંતલાની સૌભાગ્યદેવતાને બે ફૂલ ચઢાવી લેઈયે. (તેમ કરેછે.)

(પડદામાં) આ હું હો !

અન૦—અલી ! અતિથિના જેવો શબ્દ સંભળાય છે.

પ્રિયં૦—કૂટીમાં શકુંતલા છેજ.

અન૦—હા, પણ આજ તેના ચિત્તનું ઠેકાણું ક્યાં છે ? બહુ ફૂલ છે, ચાલ હવે.

(પડદામાં) અનર્થે ! અતિથિનો અનાદર કરનારી ?

વિચિંતછ જેને અનન્યે મને તું,
ન જાણે તપસ્વી ઉભો આંગણે હું;
ન સંભારશે તે દિધે બોધ સદ્ય,
કહ્યું પૂર્વનું જેમ પીધેલ મદ્ય. ૬૦

સખીઓ—(સાંભળી ખિન્ન થાયછે.)

પ્રિયં૦—ધિક્ ધિક્, ખરે માઠું થયું, શૂન્યહૃદયશકુંતલાથી કોઈ પૂજ્યનો અનાદર થયો—(આગળ ચાલી જોઈ) કોઈ જેવાતેવાનો નહિ પણ તત્કાળ ક્રોધ કરે તેવા દુર્વાસા મહર્ષિનો ! શાપ દેઈ ચાલતા થયા.

અન૦—જા, વહેલી પગેપડી એને પાછા આણ, હું અર્ધ્યોદક કરી રાખું છું.

પ્રિયં૦—(જાયછે.)

અન૦—અરે, ઉતાવળે ચાલતાં તો હાથમાંથી આ ફૂલની છાબ પડી ગઈ !

પ્રિયં૦—(પાછી આવી) અલી ! પ્રકૃતિયેજ આડા તે વળી કોઈની પ્રાર્થના સાંભળે ? પણ પછી કાંઈક દયા કીધી.

અન૦—શું કહ્યુ?

પ્રિયં૦—બોલ્યા કે મારૂં વચન અન્યથા થનારૂં નથી પણ વળી કહ્યું છે કે ઓળખનું ઘરેણું તે જોતેશે કે તારી સખી શાપથી મુક્ત થશે.

અન૦—હવે જીવ હેઠો બેઠો; નચિંત રહેવું શક્ય છે. તે રાજર્ષિયે જતીવેળા નામાંકિત મુદ્રિકા સ્મરણને માટે શકુંતલાને પોતેજ પહેરાવી છે તો શકુંતલાની કને ઉપાય છેજ.

પ્રિયં૦—ચાલ હવે દેવકાર્યને જઈયે. (આગળ જઈ) સખી! જો ડાબા હાથપર મુખ ટેકવી ચિત્ર સરખી બેઠેલી છે; એને પોતાનુંજ ભાન નથી તો પછી અતિથિનું શેનું હોય!

અન૦—આ વાત આપણે બેએજ હૈયામાં રાખવાની છે; પ્રકૃતિયે કોમળ એવી પ્રિયસખીનું રક્ષણ કરવું.

પ્રિયં૦—કુમળી મલ્લિકા ઉપર ઉનું પાણી રેડે એવું તે કોણ હોય?

(બેઉ જાયછે)

# અંક ૪ થો.

(ઊંઘમાંથી જાગી ઉઠેલો કણ્વ ઋષિનો શિષ્ય આવેછે)

શિષ્ય—પ્રવાસ કરી આવેલા ગુરુ કણ્વે કેટલી રાત્રિ ગઈછે તે જોવાની આજ્ઞા કરી છે તો જોઉં. (અહીં તહીં ફરી ઊંચે જોઇ) રે વહાણું વાયુંછે!

આ તો પ્રભાત થયું દીસે ને રંગ દિશાનો ફરતો રે.—ટેક.
આપાસાં તો અસ્તશિખરે ઔષધિપતિ ઉતરતોરે;
આપાસાં વળી સૂર્ય ઉગે તે અરુણને આગળ કરતોરે.—આતો૦
જુગલરૂપ એ તેજબિંબના અસ્તઉદયથી ઠરતોરે,
નિયમ લોક વહેવારનો જાણે દ્દષ્ટાંતરે અનુસરતોરે.—આતો૦ ૬૧

ચંદ્ર જાવે કુમુદ સ્મરણશોભા ધરે ના દિયે દૃષ્ટિને મોદ કો એ;
પ્રીતમપ્રવાસનાં અબળ સ્ત્રીજનને દુસ્સહાં દુઃખ અતિશેજ હોએ. ૬૨

અન૦—(પડદો ખસેડી-સ્વગત) વિષયની વાતથી દૂર છું, પણ આટલું તો સમજાયુંછું કે તે રાજા શકુંતલા પ્રતિ અનાર્યપણે વર્ત્યો છે.

શિષ્ય—હવે હોમની વેળા થઈ તે ગુરુને જણાવું.

(જાયછે).

અન૦—વહાણું વાયું, હવે વહેલી ઉઠું; રે ઉઠીને પણ કરવાની શું હતા? પ્રભાતે કરવાનાં કામ તેને માટે હાથપગતો લાંબા થતા નથી. જે મદને અપ્રમાણિક રાજા ઉપર શુદ્ધહૃદયની પ્રિયસખીનો વિશ્વાસ બેસાડ્યો તેની તૃપ્તિ થાઓ! અથવા, તે રાજર્ષિનો અપરાધ નથી; દુર્વાસાનો શાપજ તેને પીડેછે,–એમ ન હોય તો જેણે એવી રીતે વિવેક દાખવેલો તે આટલા દિવસ થયા પત્રપણ ન મોકલે? (વિચારે છે) ઓળખને માટે મુદ્રિકા મોકલાવું. પણ એને માટે દેહકષ્ટકર્ત્તા આ તપસ્વીઓમાંથી કોને કહું? વળી સખીનો દોષ એમ માની બેસી રહેવું, એ ઠીક નહિ વારૂ. એનો તાત પ્રવાસમાંથી અમણાજ આવ્યો છે તેને મારાથી કહેવાશે નહિ કે એણે દુષ્યંત રાજા સાથે ગાંધર્વવિવાહ કરી ગર્ભને ધારણ કીધોછે; તો હવે શું કરવું?

પ્રિયં૦—(વહેલી વહેલી આવી હરખમાં) અનસૂયા! વહેલી થા વહેલી થા શકુંતલાનું પ્રયાણમંગળ કરવાને.

અન૦—(વિસ્મયે) અલી! એ તું શું કહે છે? કેમ થયું?

પ્રિયં૦—સાંભળ; નિરાંતે ઊંઘ આવી કે નહિ તે પુછવાને હું સખી પાસે ગઈ હતી.

અન૦—પછી પછી?

પ્રિયં૦—એ લજ્જાએ નીચું ઘાલી બેઠેલી તેટલે તાત કણ્વે આવી અભિનન્દન કીધું કે "વત્સે! સારાં ભાગ્યે, યજમાનની દૃષ્ટિ ધૂમાડાથી રૂંધાયલી છતે તેની આપેલી આહુતી સીધી અગ્નિનાં મુખમાંજ પડી ગઈ. તારે માટે મારે ખેદ કરવાનું નથી, સુપાત્ર શિષ્યને આપેલી વિદ્યા તેમ; તો આજેજ હું તુને ઋષિયોની સંભાળમાં તારા ભર્તાકને મોકલી દેઉંછું."

અન૦—સખી! તાતને એ વાત કોણે કહી?

પ્રિયં૦—તાતે હોમશાળામાં પ્રવેશ કીધો કે શરીરવિનાની છંદયુક્તવાણી થઈ.

અન૦—કેવી તે?

પ્રિયં૦—સાંભળ—

* દુષ્યંતે તેજ અર્પ્યું છે જનકલ્યાણકારણ,
કન્યાને અગ્નિગર્ભા એ શમી છે જાણ બ્રાહ્મણ! ૬૩

અન૦—( પ્રિયંવદાને ભેટી ) ગમતું થયું મારૂં; પણ આજજ શકુંતલાને વળાવે છે તેથી ખેદભર્યો હરખ થાયછે.

પ્રિયં૦—સખી ! આપણું ગમે તે થાઓ પણ અમણાં તો એ બચારીને સ્વસ્થચિત્તની થવાદો.

અન૦—તો હવે આ આંબાની ડાળે ટાંગેલાં કાચલાંનાં સપુટમાં બકુલફુલમાળા રાખી મુકીછે સુકાય નહિ માટે. તે તું તારા હાથમાં લે એટલે હું પણ એને અંગે લગાડવાને ગોરોચન, તીર્થમૃત્તિકા ને દૂર્વા એને વાટું છું.

પ્રિયં૦—તેમ કર. (અનસૂયા થોડેક દૂર જાયછે ને પ્રિયંવદા બકુલમાળ લે છે )

( પડદામાં )

ગૌતમી ! શારંગરવ તથા શારદ્વતને બોલાવ કે એઓ શકુંતલાની સાથે જવાને સજ્જ રહે.

પ્રિયં૦—(કાનદેઈ) અનસૂયા ! ઉતાવળ કર, હસ્તિનાપુર જનારા ઋષિયોને બોલાવે છે.

અન૦—( વાટેલું મજ્જન હાથમાં લેઈ ) સખી, ચાલ જઈએ.

પ્રિયં૦—(જોઈને) સૂર્યોદય અમણા થાયછે એટલામા તો શકુંતલા ચોટલો વળાવી નાહી કરી બેઠીછે ને સ્વસ્તિવાચન કરનારી તાપસી સ્ત્રિયો હાથમાં નમારના દાણા રાખી આશીર્વાદ દે છે; આપણે પણ ત્યાંજ જઈએ.

( શકુંતલા તથા તાપસીઓ દેખા દે છે. )

શકું૦—ભગવતીઓ ! હું વંદન કરૂંછું.

તાપસી ૧—પુત્રિ! ભર્તાનું બહુમાન સૂચવતો મહાદેવી એ શબ્દ તું પામ.

તાપસી ૨—વત્સે ! વીરને જન્મ આપનારી થા.

તાપસી ૩—બેટા ! ભર્તાની બહુમાનીતી થા.

( ગૌતમી વિના બીજીઓ જાયછે. )

સખીઓ—(પાસે આવી) આ મજ્જન તુને મંગળ થાઓ.

શકું૦—(નિહાળી) આવો મારી સખીઓ ! પાસે બેસો.

સખીઓ—સખી ! સજ થા અમે મંગળ મજ્જન કરીએ.

શકું૦—હવે પછી સખીઓ મને સણગારે એ દુર્લભ થશે. (આંસુ ઢાળેછે.)

સખીઓ—મંગળ ટાણે તારે રડવું ઉચિત નથી.

પ્રિયં૦—સખી ! આભરણને યોગ્ય એવાં રૂપને આશ્રમમાંથી સેજ મળેલાંએ વિશોભિત કરીએ છિયે.

(ઋષિકુમાર અલંકાર લેઈ આવેછે.)

૨—(બેઉ ઋ૦) આ પુષ્કળ આભરણ છે, આયુષ્મતિને પહેરાવો.

(સૌ જોઈ વિસ્મિત થાયછે.)

—વત્સ નારદ! એ ક્યાંથી આણ્યાં ?

નારદ—તાત કણ્વને પ્રભાવે.

ગૌતમી—માયાસિદ્ધિયે ઉત્પન્ન કીધાં શું ?

હારિત—ના; તાતની આજ્ઞાએ શકુંતલાને માટે વનસ્પતીઓ ઉપરથી પુષ્પ આણવા ગયા તો,

કો વૃક્ષે દિધું ક્ષૌમ ચંદ્ર સરખું ધોળું સુમાંગલ્ય એ,
ને લાક્ષારસ રંગવા ચરણને દાખ્યો ઝર્યો કોઈએ;
બીજાંએ, નિજ અંકુરોથિ અધિકાં શોભંત કાંડાલગે,
દેખાતે વનદેવતાકરતળે આપ્યાં બિજાં તે જગે. ૬૪

પ્રિયં૦—(શકુંતલાને જોઈ) વૃક્ષથકી જે આ લાભ થયો તે સૂચવેછે કે તારા પતિને ઘેર રાજ્યલક્ષ્મીનો તું ભોગ કરીશ.

શકું૦—(લાજ પામેછે).

હારિત—(નારદને) ચાલ, ગુરુને જાણ કરીએ કે વનસ્પતીએ આ સેવા કરી છે.

નારદ—ચાલો. (બેને જાયછે.)

સખીઓ—સખી! ઘરેણાં પહેરાવવાનો અનુભવ નહિ એવી અમે તુને કેમ સણગારી શું? ચિત્રના પરિચયથી તુને પહેરાવિયે છીએ.

શકું૦—જાણુંછું તમારી નિપુણતા, સખીઓ!

(સખીઓ ઘરેણાં પહેરાવે છે એટલે તરત સ્નાન કરી રહેલો કણ્વ આવેછે.)

કણ્વ—(શકુંતલાની સામું જોઈ.)

જાયે આજ શકુંતલા હૃદય તો ભીડાયું ખેદે ભર્યું,
બેઠો બાષ્પથિ કંઠ ને જડપણું ચિંતાથિ આંખે ધર્યું;
મોટું આવું અરણ્યવાસિ મુજને જો દુઃખ નેહે હવું,
થાયે પુત્રિવિયોગનૂં ગૃહિણને કાં ના વિશેષે નવૂં. ૬૫

(અહીં તહીં ફરેછે.)

સખીઓ—બેન શકુંતલા! ઘરેણાં પહેરાવી રહ્યાં; હવે આ ક્ષૌમયુગલ પહેર. (શકુંતલા ઉઠીને પહેરેછે.)

ગૌતમી—બેટા! આનંદનાં આંસુ આંખમાં ને ભેટવાને ઉત્સુક એવા તારા તાત પાસે ઊભા છે તેને આચાર અર્પણ કર.

**શાકું૦**—તાત! વંદન કરૂંછું.

**કણ્વ**—વત્સે!

ધણીની માનિતી થાજે શર્મિષ્ઠા તો યયાતિને;
ચક્રવર્તી પુત્ર રાજે જેમકે પૂરુ તેણિને.

**ગૌતમી**—ઋષિવર્ય! એ વરદાનજ છે, આશીર્વાદ નહિ.

**કણ્વ**—અહીં અમણાંજ હોમ આરંભ્યોછે, એ અગ્નિની પ્રદક્ષિણા કર.

(શકુંતલા પ્રદક્ષિણા કરેછે ને કણ્વ વેદની વાણી જેવી વાણીએ)

ચારે કોરે વેદિને સ્થાન જેનાં,
હવ્યજ ગંધે પાપનો નાશકર્તા;
સમિધકને દર્ભવેસ્યાછ એવા,
વૈતાનાગ્ની તે કરો તૂ પવિત્ર. ૬૭

પુત્રી! હવે તું ઊભી રહે. (ક્રોધે ડોળા ફેરવી) શાર્ગંરવાદિ ક્યાં ગયા?

**શિષ્યો**—(આવીને) આ અમે અહિં છિયે.

**કણ્વ**—આ તમારી ભગિનીને માર્ગ દેખાડો.

**શાર્ંગરવ**—આમ આમ, બાઈ! (સૌ શકુંતલાની સાથે જાયછે.)

**કણ્વ**—હો હો પાસેનાં તપોવનવૃક્ષો!

પિધા વિનાનાં રહ્યાં તમે જ્યે પિયે ન પાણી પેલે,
મંડન ગમતાં પણું નવ મોડે એક કળી અતિ હેતે;
ફૂલ થવાના સમા ઉપર તો જે વળિ બહુ હરખાએ,
શકુંતલા તે આશા માગે ઘેર ધણીને જાએ. ૬૮

(કોકિલનો શબ્દ સાંભળ્યા જેવું કરી.)

વનવાસે બંધૂપણે, વૃક્ષે આશા દીધ;
લહૂં એહવો કોકિલે, હળવો ટહુકો કીધ. ૬૯

(આકાશમાં શબ્દ થાયછે.)

અંતર તો બહુ રમ્ય થજો કમળોથિ ભર્યાં સર તેહવડે,
સૂરજકીરણ ઉણુ ઘટો રુડિ છાયતણાં વળિ વૃક્ષ ભડે;
પદ્મપરાગસિ ધૂળ ઉડો અનુકૂળ મરૂત સુમંદ વહો,
વિઘ્ન નડો નહિ કાંઈ તુને તુજ મારગ તે સુખરૂપ રહો. ૭૦

**ગૌતમી**—બેટા! સ્વજાતિજન પ્રમાણે સ્નેહ દેખાડનારી જે વનદેવતા તેને નમન કર.

**શાકું૦**—(નમન કરી અહીં તહીં ફરી) સખી પ્રિયંવદા! આર્યપુત્રનાં દર્શનની

ઉત્સુક છું તોપણ આ આશ્રમ સ્થળને છોડતાં દુઃખે દુઃખે પણ મારા પગ સામે મોડે ઉપડતા નથી.

પ્રિયં૦—બેન ! તુંજ એકલી તપોવનના વિરહથી કાયર નથી, તારો વિયોગ જાણી, તપોવનની પણ અવસ્થા એવીજ થઈછે—

મૃગ તૃણકવલતજેલા, મોર દિસંતા તજેલનૃતખેલ;
પાકાં પત્ર તજંતી જાણે આંસુજ પાડતી વેલ. ૭૧

શાકું૦—(સભાગી) તાત ! હું મારી લતા ભગિની વનજ્યોત્સ્નીને બોલાવી લેઉં.

કણ્વ—વત્સે ! હું જાણું છું તારો તેની સાથે બ્હેનીજણી જેવો સ્નેહ છે: આ રહી તે, જમણીકોરે જો.

શાકું૦—જ્યોત્સ્ની ! તું આંબાને વળગેલીછે તોપણ તારા શાખારૂપ બાહુએ આલિંગન આપ મને, આજથી હું તારાથી દૂર રહેનારી થાઉંછું. તાત ! મારીજ પેઠે એની સંભાળ રાખજો.

કણ્વ—વત્સે !

સંકલ્પિયો પ્રથમ મેં તુજકાજ સ્વામી,
તેવોજ નીજ સરખો સુકૃતે તું પામી;
આંબાનિ સાથ મળિછે નવમલ્લિકા જો,
નિશ્ચિંત છું ઉભયને વિષયે હવાં જો. ૭૨

શાકું૦—(સખીઓને) તમો બનેને સોંપુછું, સંભાળજો વનજ્યોત્સ્નીને.

સખીઓ—પણ અમને તું કોને સોંપેછે ? !

કણ્વ—અનુસૂયા ! પ્રિયંવદા ! રડતા બંધ રહો, તમારે તો શકુંતલાને ધીરજ આપવી.

શાકું૦—તાત ! આશ્રમમાંજ ચરનારી આ ગાભણી મૃગી સુખે વિયાય ત્યારે તમે કોઈને મોકલી મને જણાવશો, વિસરશો નહિ.

કણ્વ૦—વત્સે ! એ હું નહિ વિસરૂં.

શાકું૦—(ગતિભંગ દાખવી) અરે આ કોણ વારે વારે મારા પાલવ તણે દોડી આવેછે?

કણ્વ—વત્સે !

જેને મુખે કુશઅણી ખુંચતી બહૂ જો,
સૂજે ક્ષતે સિંચતિ ઇંગુદિતેલ તૂં તો;
સામો ખવાડી મુઠિયે પ્રિતથી ઉછાર્યો,
તે આ ન પાગ તજતો મૃગબાળ તારો. ૭૩

**શકું૦**—બાપુ ! સહવાસ તજનારીની પાછળ પાછળ કેમ આવેછે, વિયાઇને મરીગયલી મા વિનાના ! ખરે મેંજ તને ઉછેરી મોટો કીધોછે; પણ હવે હું વિનાના તાત તારી સંભાળ લેશે. તો તેની કને જા.

**કણ્વ**—વત્સે ! રો નહિ; સ્થિર થા, માર્ગને જો—

ઉંચી પાંપેણુનિ આંખ રૂંધિ બાઝે
આંસૂ તેને કર બંધ સ્થીરતાએ;
જોતાં તૂંતો નવ ઊંચિ નીચિ ભાંએ,
ચાલે તેથી પગલાં તે વિષમ થાએ. ૭૪

**શારંગ૦**—ગુરુ ! અમારા સાંભળવામાં છે કે જળાશય સુધી સ્નેહીને વળાવવા જવું; તો આ સરોવરનીર છે, અહીંથી પાછું ફરવું ઘટેછે.

**કણ્વ**—ત્યારે આ અંજીરીની છાયાતળે થોડીવાર બેસીએ.

(સર્વે બેસેછે.)

(સ્વગત) દુષ્યંતને યુક્ત સંદેશો શો કહાવું ?

**શકું૦**—(મોઢું ફેરવી હળવે) સખી ! કમળપત્ર વચમાં આડું આવે પોતાના સહચરને નથી જોઇ શકતી એવી આતુર ચકવી આરડેછે એ મને અપશકુન જેવું ભાસેછે.

**અન૦**—સખી ! એમ મા બોલ;

એપણ ગાળતિ પિયુવણ રજની લાંબી વિષાદથી થાએ,
ગરવૂં પણ દુખવિરહનું આશાબંધે સહિ શકાએ. ૭૫

**કણ્વ**—શારંગરવ ! તારે શકુંતલાને રાજા આગળ ઊભી કરી મારો સંદેશો જણાવવો.

**શારંગ૦**—આજ્ઞા કરવી ભગવન્ !

**કણ્વ**—તપનિયમજ ધન એહના ધણી અમે ને તૂં તો પોતે કૂળઊગે.
સાચું એ વિચારિને;
સગાંએ કરાવી નહિ પણ સેજ થઇ રહી, એવી પ્રીતિ રૂડી તૂજ
વિષે અવધારિને;
સ્ત્રિયો બીજીસાથ આને,રાખજે સમાનમાને,સ્નેહનીતિબુદ્ધિ વળી
હ્રદયમાં તૂં ધરે;
એથી ઉપરાંત થવું, ભાગ્યને અધીન લહું, વધૂના સંબંધીજને
ઘટે ના કહેવું ખરે. ૭૬

**શારં૦**—એ સંદેશો મેં લીધો.

કણ્વ—(શકુંતલાને જોઈ) બેટા! હવે તુને શિખામણ દેઉછું. અમે અરણ્યવાસી છતે લોકરીતિ જાણનારા છિયે.

શાર્ઙ્ગ૦—ભગવન્! બુદ્ધિમાનને કોઈપણ વિષય અજાણ્યો નથીજ.

કણ્વ—પતિને ઘેર ગયાપછી

સેવા તૂં કર પૂજ્યની પ્રિયસખીવૃત્તી સપત્નીવિષે,
સ્વામી દે અપમાન તોપણ કદી મા થૈશ સામી રિસે;
સ્નેહાળી વળિ રેહ સેવકપ્રતી ફૂલૈશ મા વૈભવે,
એ રીતે ગૃહિણી ઠરે યુવતિ ને આડી દહે કૂળને. ૭૭

ગૌતમીબાઈ તમે શું કહોછો?

ગૌતમી—વહુજનને આટલી શિખામણ બહુ છે; બાપુ! તું ખરે હૈયામાં રાખજે, ભુલીશ મા.

કણ્વ—બેટા! આવ મને તથા સખીજનને ભેટીલે.

શકું૦—તાત! શું હવે મારી સખીઓ પણ અહીંથી જશે કે?

કણ્વ—બેટા! એઓને પણ પરણાવી દેવીછે તેથી એઓ તારી સાથે આવે એ યુક્ત નથી; તારી સાથે ગૌતમી આવશે.

શકું૦—(ભેટીને) મલયપર્વતના તટઉપરથી ચંદનલતા ઊખડી પડે તેમ હું તાતને ખોળેથી ખસીને દૂરદેશ જઈ પડનાર તો હવે મારો જીવ કેમ રહેશે?

કણ્વ—તું કેમ આમ અકળાયછે?

બહુ કુટુંબના ભર્ત્તાની સ્ત્રી સ્તુત્ય પદે મંડાઈ,
વડે વૈભવે નિત્યે તેનાં કાર્યોમાં ગૂંથાઈ;
દિશા સૂર્યને તેમ પુત્રને પવિત્ર પ્રસવી ત્વરાઈ.
દુઃખ વિરહનું મુજરે બેટી ગણાશ નહિ તું કાંઈ. ૭૮

શકું૦—તાત! વંદન કરૂંછું.

કણ્વ—બેટા! જે હું ઇચ્છું છું તે તુને થાઓ.

શકું૦—બેનો! તમે બંને મને સાથેજ ભેટો.

સખીઓ—બેન! એવું બને કે તે રાજા તને ઓળખે નહિ તો તેનાં નામની તેની મુદ્રિકા તેને દેખાડવજે.

શકું૦—આ તમારે સંશયે મારૂં હ્રદય કાંપેછે.

સખીઓ—મા બીહ. અતિ સ્નેહે ભયની આશંકા થાય.

શાર્ઙ્ગ૦—ભગવન્! સૂર્ય ચાર હાથ ચઢ્યો તો બાઈને ત્વરા કરાવો.

શકું૦—(વળી ભેટી આશ્રમ સામું મોડું કરી) હે તાત! ક્યારે પાછું વન જોઈશ?

કણ્વ—વત્સે ! સાંભળ—

દિગંત પૃથ્વી સપત્નિ સાથે ગળિયે રહી ચિરકાળે.
દૌષ્યંતી એકલયોદ્ધો સુત પરણાવિશ વળિ વાલે;
રાજ્યકુટુંબનો ભાર એહને સોંપિ આપશે જ્યારે
ભર્ત્તા સાથે ફરી મુકિશ પગ આશ્રમમાં આ ત્યારે. ૭૯

ગૌતમી—બેટા ! જવાને વાર થાયછે તો પિતાને પાછું જવાને કહે. (કણ્વને) એ તો વારે વારે બોલ્યાં કરશે. તમેજ હવે પાછા વળો.

કણ્વ—બેટા ! મારે અનુષ્ઠાનનો કાળ જાયછે.

શકું૰—(વળી ભેટી) તાત ! તપશ્ચર્યાએ શરીર છેક લેવાઈ ગયુંછે તો મારે લીધે વળી કંઈ પણ કષ્ટિત થશો નહિ.

કણ્વ—(નિશ્વાસે)

શમશે શોક શિપેરે. બેટી તુજ પૂર્વ ચરિત નિરખંતાં;
ફેંક્યા બલિકણ તેં તે કુટિને દ્વારે પડેલ ઊગંતા. ૮૦

જા હવે સુખરૂપ થાઓ તને માર્ગ.

(શકુંતલા પોતાની સાથે આવનારા જનસાથે જાયછે.)

સખીઓ—રેરે, વનોની પેલીપાસ ગઈ શકુંતલા !

કણ્વ—(નિશ્વાસે) અનસૂયા ! પ્રિયંવદા ! ગઈ તમારી સહચરી; શોક ટાળી આવો મારી પાછળ.

સખીઓ—શકુંતલા વિના શૂન્ય જેવાં તપોવનમાં અમારાથી કેમ અવાશે ?

કણ્વ—(ખિન્ન થયલો અહીં તહીં ફરી વિચારી) સ્નેહને લીધે એમજ દેખાય; પણ શકુંતલાને તેના પતિને ઘેર મોકલી દીધાથી હું નિશ્ચિંત થયો.—

કન્યા ખરે પારકું ધન આમ,
એને વળાવી પણનારધામ;
આજે થયો અંતરસ્વચ્છ જેમ,
સોંપીદિધે થાપણ પાછિ તેમ. ૮૧

# અંક પાંચમો.

## (રાજમંદિર.)

(રાજા બેઠો છે ને તેની પાસે વિદૂષક છે.)

વિદૂ૦—(કાન દેઈ) હો હો વયસ્ય! સંગીતશાળાની માંહેલીભણી લક્ષ ધરો, કોમળ શુદ્ધ ગીતમાં સુસ્વરમેળ સંભળાય છે; હું ધારૂંછું કે આપણી હંસપદિકા રાગનો અભ્યાસ કરતી હશે.

રાજા—છાનો, મને સાંભળવા દે

(અંતરિક્ષમાં) કેમરે ભ્રમર એને વીસર્યો,

નવાં મધનો તું લોભી હોઈ—ટેક.

આંબમોરને કરી રસે ચુંબન,

આવ્યો કે કમળના માંહિ.—કેમરે૦ ૮૨

કેવું પ્રેમે ઉભરાતું ગીત!

વિદૂ૦—કેમ એ ગીતનો અક્ષરાર્થ સમજાયો?

રાજા—(કંઈક હસીને) એક વાર તેની સાથે પ્રીતિ કરેલી પણ પછી રાણી વસુમતીના સંબંધથી હું તેના વાંકમાં આવ્યોછું; સખા! તું હંસપદિકાને કહે કે તેં મને ઠીક વગોવ્યો.

વિદૂ૦—જેમ આજ્ઞા. (ઉઠીને) પણ ઓ વયસ્ય! તે મને ઝાલી બીજાને હાથે મારા કેશ પકડાવી માર મરાવશે તો વેરાગીનો અપ્સરા પાસેથી તેમ મારો પણ છુટકારો થનારો નથી.

રાજા—નાગરી રીતે તેને સમજાવજેની.

વિદૂ૦—ચાલ ભાઈ, કાંઈ ચાલવાનું છે? (બડબડતો જાય છે.)

રાજા—(સ્વગત) એમ કેમ હશે કે ગીતનો અર્થ જાણી ઈષ્ટજનના વિરહવિના હું ઉદાસ થઈ ગયો! અથવા,

રમ્ય વસ્તુઓ જોઈને વળી મધુર શબ્દ સુણી તેહ,
સુખમાં પ્રાણી હોએ રમતો ઉદાસ ઝટ થઈ રેહ;
પૂર્વજન્મની મૈત્રિ ઠસેલી અંતરમાં સ્થિર ભાવે,
સ્પષ્ટ જણાએ નહિ તોએ પણ ચિતમાં સાંભરિ આવે. ૮૩

(ચિંતાતુર થઈ રહે છે ને પછી કંચુકી આવે છે.)

કંચુકી—(સ્વગત) શી આ અવસ્થાને પામ્યો છું કે રૂઢિપ્રમાણે મેં રાજાના રણવાસમાં નેતરની લાકડી લીધી તે કાળે કરીને હવે

મારી વૃદ્ધાવસ્થામાં મારગ ટેકવાને કામ આવેછે; હશે! રાજાનાં ધર્મકાર્ય વેળાનાં વેળાએ થવાં જોઇએ; પણ અમણાંજ તે કામ આટોપી ન્યાયાસનથી ઊઠ્યા છે તો કણ્વના શિષ્ય આવ્યા છે એ જણાવવું ઠીક નહિ; પણ વળી પ્રજા રક્ષણનાં કામમાં વિશ્રાંતિ ક્યાંથી મળનારી છે? ને મારે મારૂં કામ કરવું જોઇએ; આ અહીં બેઠાછે દેવ.—

સંતાન પઠે પાળી પ્રજા, એકાંતે વિશ્રામ,
લે ગજ જુથ કરિ ચારતું, શોધી શીળું ઠામ. ૮૪

(પાસે જઈ) જય જય દેવ! હિમાલયના અરણ્યમાં વાસ કરનારા તપસ્વી કણ્વનો સંદેશો લેઈ કોઈ બ્રાહ્મણો એક સ્ત્રી સાથે આવ્યા છે; આ સાંભળી દેવે ઉચિત તે કરવું.

**રાજા**—(સાદરે) શું તેઓ કાશ્યપનો સંદેશો લાવનારા છે?

**કંચુકી**—હા દેવ!

**રાજા**—તો તું પુરોહિતને જઇને કહે કે ઋષિયોનો વેદોક્ત પ્રકારે સત્કાર કરી પોતેજ તેઓનો પ્રવેશ કરાવે, હું પણ તપસ્વીઓનાં દર્શન લેવાને ઘટતે ઠેકાણે જઈ બેસું છું.

**કંચુકી**—દેવની આજ્ઞા. (જાયછે.)

**રાજા**—(ઉઠીને) વેત્રવતી! હોમશાળા ભણી ચાલ.

**વેત્રવતી**—આમ આમ, દેવ!

**રાજા**—(સ્વગત-ચાલતાં) સર્વ જંતુ ઇછેલી વસ્તુ પામી સુખી થાયછે પણ રાજાને તો જેમ જેમ ઇચ્છા પૂર્ણ થાય તેમ તેમ દુઃખપણ વધેછે.

પ્રાપ્તિ અર્થની તેતો ઇચ્છા વધેલિ માત્ર સમાવે,
પ્રાપ્તનું પાલણ કરવું તેજ કહું ક્લેશ અતીશ કરાવે;
શ્રમને પમાડ્યા વિના ન ટાળે અતિશ્રમ જેથી એવૂં
રાજ્ય, ધરેલો હાથે દાંડો હોય છત્ર વળિ જેવૂં. ૮૫

**વૈતાલિક**—(પડદામાં).

તજિ નિજ સુખ ઇચ્છા વેઠતા લોક અર્થે,
શ્રમ પ્રતિ દિન એવી વૃત્તિતો છે સમર્થે;
શિર ઉપર સહેતો વૃક્ષ તો ઉષ્ણ તીવ્ર,
શરણ જનંતણો છાયે હરે તાપ શીઘ્ર. ૮૬

**રાજા**—(સ્વગત) મારા મનની વ્યગ્રતા ટળી ને સ્વસ્થ થયો.

(અહીં તકી ફરેછે.)

**વેત્ર૦**—અમણાજ ધોઈ સ્વચ્છ કરી સાથિયા પૂરેલી ને પાસે ગાય બાં-
ધી છે એવી હોમશાળાની ઓટલીપર ચઢી બેસો દેવ !

**રાજા**—(બેસીને) વેત્રવતી ! મુનિ કણ્વે શામાટે ઋષિયોને મારી કને
મોકલ્યા હશે વારૂ ?

**વેત્ર૦**—દેવના ઉત્તમ ચરિત્રથી આનંદ પામેલા ઋષિયો આશીર્વાદ દેવાને
આવ્યા હશે.

(શકુંતલાને આગળ કરી ગૌતમી સહિત કણ્વના શિષ્યો આવે છે પણ બધાની
આગળ કંચુકી તથા પુરોહિત આવે છે.)

**કંચુકી**—આમ આમ, મહારાજો!

**શારંગ૦**—(સાથીને) ખરૂં રાજા મોટો, રહિતમરજાદા નવ રહે,
પ્રજામાં નીચો તેપણ ભુલિ કુમાર્ગે નવ વહે;
તથાપી હૂં જેને, મનથિ નિત એકાંતજ ગમ્યૂં,
જનોની ભીડે આ, લહું છું ઘર આગે ફરિવળ્યૂં. ૮૭

**શારદ્વત**—એમજ છે; પુરમાં પ્રવેશ કરતાં મને આમ લાગ્યું,—

નાહેલૂં મેલાંને, શુચિ તે અશુચિ પ્રબુદ્ધ ઉંઘતાંને,
છૂટૂં તે બાંધ્યાંને, તેમજ જાણું વિષયસુખીઆને. ૮૮

**શકું૦**—(અપશકુન જેવું દેખાડી) રે કેમ મારી જમણી આંખ ફરકે છે ?

**ગૌતમી**—પુત્રિ ! તારૂં અમંગળ ટળો ને તારા ભર્તાની કુળદેવતાઓ
તારૂં કલ્યાણ કરો.

**પુરોહિત**—અહો તપસ્વિયો ! વર્ણાશ્રમનું રક્ષણ કરનાર આ રાજા
અમણાજ ધર્માસનેથી ઉઠેલો તમારી અપેક્ષા કરેછે તે જુઓ.

**શારંગ૦**—હે મહાબ્રાહ્મણ ! ખરે એ આનંદની વાર્તા છે, પણ અમે તો
અહીં મધ્યસ્થ જેવા છીએ. કેમકે,

વૃક્ષો નમેછે ફળભાર આવવે,
ઝૂમે વધૂ વાદળિયો જળે નવે;
સમૃદ્ધિયે ઉદ્ધત સજ્જનો નહીં,
સ્વભાવ એવો ઉપકારિનો સહી. ૮૯

**રાજા**—(સ્વગત) આ ઉપવસ્ત્રથકી ઘુંઘટાળી, હોશે કોણ એ રે.—ટેક.
સુંદરતા પૂરી ન દિસંતી,
તપસ્વિયોની મધ્ય રહંતી;
મધ્ય પીળાં પત્રોમાં છે અંકૂર પેરે—આ ઉપ૦ ૯૦

પણ હશે પારકી સ્ત્રીને નિહાળવી નહિ.

શાકું૦—હૃદય તું કેમ ધડકે છે? આર્યપુત્રના ભાવનું સ્મરણ કરીને ધીરજ ધર.

પરો૦—(આગળ જઈને) આ તપસ્વિયોનું યથાવિધિ પૂજન થયું, હવે એઓના ગુરુનો કાંઈ સંદેશો છે તે હવે સાંભળવો.

રાજા—એકચિત્તે સાંભળું છું.

ઋષિયો—હો રાજા! વિજય છે તારો.

રાજા—હું અભિવંદન કરૂંછું.

ઋષિયો—તારૂં અભિષ્ટ સિદ્ધિને પામો.

રાજા—મુનિયો નિર્વિઘ્ને તપ કરેછેની?

ઋષિયો—ક્યાંથી ધર્મક્રિયાવિઘ્નઃ સંતરક્ષક તું છતે;
તપંતો સૂર્ય હોયે ત્યાં ઉદ્‌ભવે તમ કેમ તે? ૯૧

રાજા—તો સર્વથા રાજશબ્દનું સાર્થક થયું; વારૂ લોકકલ્યાણને અર્થે કણ્વ કુશળ તો છે?

ઋષિ—રાજા! સિદ્ધિમંત પુરુષોને સ્વાધીન રહે છે કુશળ. તેણે નિરુપદ્રવના પ્રશ્નપૂર્વક આ પ્રમાણે તને કહાવ્યું છે.

રાજા—શી આજ્ઞા કરેછે ભગવાન્?

શાર્ઙ્ગ૦—પરસ્પર વદાડ કરી આ મારી પુત્રી સાથે તેં જે લગ્ન કીધું તે તમારા એનું મેં પ્રીતિયે ક્ષમાપૂર્વક માન્ય રાખ્યું છે કેમકે—

તું યોગ્યમાં અગ્રસર પ્રમાણિ આ
શાકુંતલા મૂર્ત્તિમતી જ સત્ક્રિયા;
સમાન છે તુલ્યગુણે વધૂવર.
સદાનિ નિંદા ઉગરયો પ્રજાકર. ૯૨

તો હવે એ ગર્ભિણીનો સ્વીકાર કર, ધર્માચરણ સાથે કરવાને.

ગૌતમી—આર્ય! મારાં મનમાં છે કે કાંઈ બોલવું પણ અવસર નથી કેમકે—

વડીલને ન અપેક્ષ્યા એણે, તેં નહિ બંધુને પૂછ્યું,
એકકમાં હવું એમ ચરિત તો, કોણે કોને કહેવું શું? ૯૩

શાકું૦—(સ્વગત) હવે આર્યપુત્ર શું કહેશે?

રાજા—(સશંક) રે વળી આ શું નિકળ્યું?

શાકું૦—(સ્વગત) આ ભાષણપ્રકાર તો કેવળ અગ્નિજ છે.

શારંગ૦—એમ કેમ? પોતે લોકવ્યવહાર સારીપેઠે જાણોછો.

હોયે સતી પતિ જીવતો ને પીહરમાં વાસો કરે,
તે સ્ત્રીવિષે લોકો વળી વિપરીત શંકાઓ ધરે;
માટે પ્રિયા કે અપ્રિયા પતિની પરંતુ જો રહે
તે સાસરે તો બંધુજન નિશ્ચિંત રૂડું સહુ કહે. ૯૪

રાજા—શું એ મારી પૂર્વે પરણેલી છે?

શકું૦—(સ્વગત) રે હૃદય! તારી શંકા આગળ આવી.

શારંગ૦—શું પૂર્વે કીધેલાના ધિક્કારમાં રાજાને ધર્મથી વિમુખ થવું ઘટે છે?

રાજા—કેમ વારે દુષ્ટ આરોપે પ્રશ્ન પુછો છો?

શારંગ૦—ઘણું કરીને ઐશ્વર્યથી ઉન્મત થયલા લોકમાં એવા વિકાર રહેછે.

રાજા—(સક્રોધ) એ વચને તો વિશેષ દોષ મૂકો છો અમારા ઉપર.

ગૌતમી—બેટા! મુહૂર્તભર તું લાજ મૂક, હું તારૂં ઓઢણ કાઢી લેઉછું કે તને તારો ભર્તા ઓળખે. (એમ કરેછે)

રાજા—(શકુંતલાને જોઈ-સ્વગત)—

સરસ સરળ કાંતી રૂપ આવું સુહાયે,
પ્રથમ હું પરણેલો કે ન નિશ્ચે ન થાયે;
મધુકર જિમ વહાણે કુંદ ઓસેભર્યાંને,
નહિ સમરથ લેવે ભોગ કે ત્યાગવાને. ૯૫

વેત્ર૦—ઓહો રાજાની ધર્મ ઉપર કેવી દૃષ્ટિ છે! અનાયાસે પ્રાપ્ત થયલું સુંદર રૂપ જોઈને બીજો કોણ વિચાર કરે?

શારંગ૦—હે રાજા! કેમ આમ મૌન ધરી બેસાય છે?

રાજા૦—મહારાજો! ચિંતવન કરૂંછું; પણ એનો મેં સ્વીકાર કીધો હોય એવું મને સાંભરતું નથી. તો એ સ્પષ્ટ દીસતી ગર્ભિણીનો અંગિકાર શંકા છતે હું કેમ કરૂં?

શકું૦—(સ્વગત-એક કોરે મોહું રાખી) આર્યને પરણ્યાનોજ સંશય છે તો હવે વધીગયલી મારી આશાએ શું?

શારંગ૦—શું? પોતાની કન્યાપ્રતિ કીધેલા અપરાધને અનુમોદન આપેછે-ચોરીનું દ્રવ્ય ચોર પાસે રહેવા દેછે તે મુનિની તું અવજ્ઞા કરેછે?

શાર૦—શારંગરવ ! તું હવે મા બોલ; ને શકુંતલા ! કહેવાનું તે અમે કહ્યું; એ એમ બોલેછે પણ હવે એને વિશ્વાસ પડે એવું ઓળખનું તારે જે કહેવાનું હોય તે કહે.

શકું૦—(સ્વગત-મોઢું એક કોરે કરી) આ અવસ્થાને પામ્યા પછી તેને સંભારી આપવે પણ શું ? હવે તો મારે પોતાનેજ શોક કરવાનું રહ્યું. (પ્રગટ) આર્યપુત્ર ! (સ્વગત) પણ પરણ્યાનોજ સંશય છે તો એને એ પ્રકારે બોલાવવો ઉચિત નથી. (પ્રગટ) પૌરવ ! પ્રથમ આશ્રમમાં સ્વભાવે ભોળા હૃદયની એવી જે હું તેને કેટલુંક વચન આપી ભોળવી લીધી ને પાછળથી આવે અક્ષરે પાછી કાઢો છો એ તમને યોગ્ય નથી.

રાજા—હર હર હર !

શાંત પાપ એ થાઓ,
પાપવાણી સંભળાવ મ સુંદરી.—શાંત૦
શું તું ઇચ્છે રાજકુળને કલંગ લાગે એવું,
વળી પાડવા મુજને વહેલી નદી કરેછે જેવું—
નિજતટને એ લેઈ જતાં તો સ્વચ્છ નીર વણસાડે,
વળી વધારી બળ મોટાં સૌ તરૂને તોડી પાડે.—પાપ૦ શાંત૦ ૯૬

શકું૦—ખરેખર જો પરસ્ત્રીની શંકાએ તમે આ પ્રમાણે વર્તો છો તો કોઈપણ એંધાણી આપી તમારી શંકા નિવારણ કરીશ.

રાજા—એ ઉત્તમ પ્રકાર છે.

શકું૦—(આંગળી સામું જોઈ) અરે રે મુદ્રિકા વિનાની મારી આંગળી !

(ખેદે ગૌતમીના સામું જોયછે.)

ગૌતમી—શચીતીર્થનું વંદન કરતાં તારી આંગળીએથી તે નિકળી પડી હશે.

રાજા—(કાંઈક હસીને) સ્ત્રિયો ગતકડાંમાં કુશળ કહેવાય છે તે આમજ.

શકું૦—એમાં તો ભાગ્યે પ્રભુત્વ દાખવ્યું; પણ બીજું કહુંછું.

રાજા—સાંભળિયે છિયે.

શકું૦—એક દિવસ નવમલ્લિકાના મંડપમાં પાણીભર્યો કમળનો દડિયો તમે તમારા હાથમાં નોતો લીધો શું ?

રાજા—સાંભળિયે છિયે.

શકું૦—મેં પુત્ર કરીલીધેલો મૃગબાળ તત્ક્ષણ પાસે આવ્યો તેને તમે દયા આણી પાવાને લલચાવ્યો પણ તેણે પરિચય નહિ માટે તમારે હાથે પીધું નહિ; પછી જ્યારે દડિયો મેં હાથમાં લીધો

ત્યારે તેણે પતીજ પડેથી પીધું ને તે વેળા તમે હસીને બોલ્યા કે સૌને પોતાના સંબંધીનો વિશ્વાસ પડેછે? તમે બેઉ અરણ્યના રહેનારાં છો.

**રાજા**—એમજ સ્વકાર્ય સાધવે પ્રવીણ સ્ત્રિયોનાં અસત્ય પણ મધુર ભાષણે વિષયીજન લોભાઇ જાયછે.

**ગૌતમી**—મહાભાગ! એમ બોલવું યોગ્ય નથી; તપોવનમાં ઉછરેલું જન કપટથી અજાણ હોયછે.

**રાજા**—હે વૃદ્ધતાપસી!

મનુષ્ય નહિ તેવી સ્ત્રીમાં પણ કપટ હોય સ્વભાવેજી,
બુદ્ધિવાળી શીખેલી તે કાં ન વિશેષ બતાવે—
માજી મ માણિશ માઠું જી.
અંતરિક્ષે ઉડવાની પહેલાં કોએલ નિજ બચ્ચાંનેજી,
અવર પક્ષીપાસે ઉછરાવે એ પોતાનાં માને—
માજી મ માણિશ માઠું જી. ૫૭

**શાકું**૦—(ક્રોધે) અનાર્ય! તું પોતાના હૃદય પ્રમાણે સર્વેને જોયછે? કોણ બીજો, ધર્મનો વેષ રાખનારો પણ તૃણથી ઢંકાયલા કૂપ જેવો તારી પેઠે વર્તશે?

**રાજા**—(સ્વગત) સંશયબુદ્ધિ હુંને એનો કોપ કપટરહિત જણાય છે. (પ્રગટ) ભદ્રે! દુષ્યંતનું ચરિત પ્રસિદ્ધ છે. પણ તારૂં કહેવું મારા ધ્યાનમાં નથી આવતું.

**શાકું**૦—ઠીક ઠીક, ત્યારે તેં સ્વચ્છંદચારિણી કીધી મને! પૂરુવંશને વિશ્વાસે મુખમાં મધ પણ હૃદયમાં વિષ એવાને હાથ હું પડી.

( મોંડાપર છેડો નાખી રડે છે. )

**શારંગ**૦—આમજ પોતે કરેલી પણ પાછી ન વારેલી ચપળતા બળેછે.

કરવો પારખી પૂછી સંગ અવશ્ય ગુપ્ત જે,
અજાણ હૃદયે થાએ આમજ વેરી મિત્ર તે. ૫૮

**રાજા**—અરે઼ ઓ આ સ્ત્રીના ઉપર વિશ્વાસ રાખી દોષ એકઠા કરીને અમારાજ ઉપર મૂકો છો?

**શારંગ**૦—(ક્રોધ) સાંભળી આ નીચને ઊંચ ને ઊંચને નીચ કરવાની નીતિ? જે જન્મથી કપટ શીખ્યું નથી તેનું ભાષણ અપ્રમાણ કરવું ને વિદ્યા છે એમ ભાવ રાખી છેતરવાની યુક્તિ લોકને શિખવે જે તેને સત્યવાદી ગણવો!

**રાજા**—હો સત્યવાદી ! તમે કહોછો તેવાજ અમને જાણો; પણ એનો છળ કરવે અમને શું પ્રાપ્ત થવાનું છે ?

**શારંગ**—અધઃપાત.

**રાજા**—પૌરવ અધઃપાતની ઇચ્છા કરેછે એ વળી માન્ય થાય તેમ નથીજ.

**શાર૦**—શારંગરવ ! ઉત્તર ને પ્રત્યુત્તર એથી શું અહીં ? ગુરુનો સંદેશો કહીદીધો, હવે આપણે પાછા વળો. (રાજાને)

રાખ કે તજ એને તું પત્ની એ છે તાહરી;
સ્વસ્ત્રીઉપર ભર્ત્તાની સત્તા સર્વોપરી ખરી. ૯૯

ગૌતમી ! ચાલ આગળ. ( સૌ ચાલતા થાયછે )

**શાકું૦**—કેમ ? આ કપટીએતો મને પુરી ફસાવી ને તમે પણ મને અહીં રડતી મહેલી ચાલ્યાં જાઓછો ? (પાછળ પાછળ જાયછે)

**ગૌતમી**—( ઉભી રહી ) વત્સ શારંગરવ ! આપણી શકુંતલા કરુણભાષણ કરતી પાછળ પાછળ આવે છે. ભર્તા કઠિણ થઈ ત્યાગ કરે ત્યારે પુત્રીપણ શું કરે ?

**શારંગ૦**—( પાછું ફરી ક્રોધે ) રે અમર્યાદ ! આમ સ્વતંત્રતા લેછે ?

**શાકું૦**—( બીહીને થરથર ધ્રુજેછે )

**શારંગ૦**—શકુંતલા ! સાંભળ, રાજા કહે છે તેવીજ જો તું હોય તો પછી તારા પિતાને કુળમાંથી નિકળી ગયલીસાથે શો સંબંધ ? અને જો તું પોતાને શુદ્ધવ્રતવાળીજ જાણતી હોય તો પતિના કુળમાં તારૂં દાસીપણું પણ યોગ્ય છે. તું અહીં રહે, અમે જઈયે છિયે.

**રાજા**—હો તપસ્વી ! તમે એનો કેમ વાંક કાઢો છો ?

શશિ કુમુદજ વિકસિત કરે, નલિનિનેજ રવિ જેમ,
અન્યપરિગ્રહથી હઠે, વશિ સજ્જન તો તેમ. ૧૦૦

**શારંગ૦**—અન્યને સંગે પ્રથમનું વ્રત વિસરી ગયો તો તું અધર્મભીરુ કેમ ?

**રાજા**—હું તમને પુછું કે એમાં ગુરુલઘુ શું ? જો હું એને નથી રાખતો તો ત્યાગદોષ લાગે છે ને જો હું રાખું ને મારી સ્ત્રી ન ઠરી તો પરસ્ત્રીસંગનો દોષ લાગે.

( શારંગરવ ને સૌ ચાલ્યા ગયા )

**પુરોહિત**—( વિચારીને ) જો આમ થયું હોય તો આમ કરવું.

**રાજા**—કરવી આશા.

**પુરો૦**—પ્રસવ થતા લગી એ અમારે ઘેર રહેશે; તું પુછીશ કે કેમ, તો પૂર્વે સાધુઓએ આશીર્વાદ દીધો છે કે તારો પહેલો પુત્ર ચક્રવર્તી થશે માટે જો મુનિપુત્રીને તેવા લક્ષણનો પુત્ર થાય તો એને આદર કરી અંતઃપુરમાં પ્રવેશ કરાવવો; નહિતર એને પિતાને ઘેર જવું પ્રાપ્ત થશેજ.

**રાજા**—જેમ ગુરુને ગમે તેમ.

**પુરો૦**—(ઉઠીને) વત્સે! મારી પાછળ ચાલી આવ.

**શકું૦**—ભગવતી વસુધે! દે મને માગ. (પુરોહિતની પાછળ રડતી જાય છે)

(રાજા એકલો વિચારમાં છે એવામાં પડદામાંથી.)

ઓહો! આ શું?

**રાજા**—શું છે?

**પુરો૦**—દેવ! અદ્‌ભુત થયું.

**રાજા**—એવું તે શું છે?

**પુરો૦**—દેવ! કણ્વના શિષ્ય ચાલતા થયા કે—

બાલા હીણાં ભાગ્યને નિંદતી જ્યાં,
રોવા માંડે બાહુ ઊછાળતી ત્યાં

**રાજા**—ને શું?

**પુરો૦**— સ્ત્રીને રૂપે અપ્સરાતીર્થ પાસે,
જ્યોતી તેને ચાલિ ઊપાડિ સાથે. ૧૦૧

**રાજા**—ભગવન્! એ વસ્તુનો મેં પૂર્વેજ અનાદર કીધો છે. હવે વૃથા તર્ક શો કરવો? વિશ્રામ પામો.

**પુરો૦**—વિજય થાઓ.

**રાજા**—વેત્રવતી! ઊંઘે ઘેરાયો છું, શયનભૂમિને માર્ગે ચાલ.

**વેત્ર૦**—આમ, આમ, દેવ!

**રાજા**—(સ્વગત) ગમેતેમ હો—

નથિ સાંભરતું પરણ્યો મુનિકન્યાને ખરે કરી પાછી;
એથી બળતું હઈડું શંકે પણિયત હશે વળી સાચી. ૧૦૨

---

## પ્રવેશક.

(નાગરિક તથા બે રક્ષિણ એક બાંધેલા પુરૂષને આણે છે.)

**રક્ષિણો**—(પુરૂષને મારી) કહે, પચ્ચીમાં કોતરેલાં નામની રાજાની અંગુઠી આ તેં ક્યાંથી મેળવી?

**પુરૂષ**—(બીતા બીતા) ખમા કર ધણી! ઊં ઈવું કામ કરનારો મનખ નથી.

**રક્ષિણ ૧**—તો શું તને રૂડો બ્રાહ્મણ જાણી રાજાએ દાન આપ્યું છે ?

**પુરૂષ**—છાંભર આવાં, ઊં છકાવેતરની ભીતેર રેનારો માછી છું.

**રક્ષિણ ૨**—ચોરટા ! શું અમે જાત પૂછી ?

**નાગરિક**—હેર ! કહેવાદે સગળું ક્રમે, વચમાં બોલી એને અટકાવ નહિ.

**રક્ષિણ ૨**—જેમ આજ્ઞા. (માછીને) સ્વામી આજ્ઞા કરે છે તે કહે.

**માછી**—ઊં જાલ, ગર ઈણે મછ પકરી કટમનું પેટ ભરૂં છું.

**નાગરિક**—(હસીને) પેટ ભરવાનો ધંધો તો ચોખ્ખો ખરો !

**માછી**—ધણી ! ઈમ મ બોલ—

> જૂંડૂં પણ વરિ જનમથિ કિધલ કરમ તે કદા ન તજિદીજઈ;
> બામણ દીઆવાનજ હૂઈ જગને પછૂ ખરે મારઈ. ૧૦૩

**નાગરિક**—પછી પછી.

**માછી**—ઈક દી રાતો મછ પાયો, તિના કટકા કરેતાં તિના પેટમે રતને ઝરકતી આંગઠી મઇ દેખી; પછઈ ઈ ઈકવાને દિખાડતુ ઈતરઈ ધણીએ ઉને ધરૂઓ; ઈમ મુજ ગોઠ છી, માર કી મુચ.

**નાગરિક**—(અંગુઠી સૂંઘી રક્ષિણને) એ માંસના જેવો ગંધાતો ગોઝારો માછી છે નક્કી; પણ એને મુદ્રિકા જડી તવિષે વધારે ખોળ કરી જાણવું જોઈએ; જઈએ રાજવાડે.

**રક્ષિણ**—ચાલરે ગંઠીછોડા !

**નાગરિક**—હેર ! હું ભર્ત્તાને જણાવી આવું ત્યાંલગી એનું રક્ષણ અહીંજ સાવધ રહી કરવું.

**રક્ષિણ**—ઠીક સ્વામી.

(નાગરિક જાયછે.)

**રક્ષિણ ૧**—મારા હાથ ચળવળેછે એ વધ્યને સુમનસની (ફૂલની) માળા બાંધવાને (માછીને દેખાડેછે.)

**માછી**—વણ કારણઈ તું મારવાનઈ જોગ નથ.

**રક્ષિણ ૨**—બહુવાર થઈ નાગરિકને, હજી આવ્યા નહિ.

**રક્ષિણ ૧**—રાજાને ત્યાં અવસર જોઈને જવું જોઈએ.

**રક્ષિણ ૨**—ઓ આ આવ્યો સ્વામી, રાજા પાસેથી પત્ર લાવ્યો દેખાયછે (માછીના સામું ઘુરકી) ગીધનું ભખ થઈશ કે કુતરાનું મોઢું જોઈશ પડીને.

નાગરિક—(આવી) એ માછીને છોડીદો; એને અંગુઠી મળી તેને પ્રકાર સયુક્તિક છે.

રક્ષિણો—જેમ આજ્ઞા (છોડેછે.)

નાગરિક—(માછીને) અંગુઠીના મુલ જેટલું દ્રવ્ય મહારાજે આપ્યું છે તે લે આ.

માછી—(પગે લાગી લેછે.) રાજાઈ કરપા કીઈ. કીવો મુજ ધંધઉ!

રક્ષિણો—આ પસાય ઉપરથી જણાયછે કે મહારાજનો તે આંગઠી ઉપર બહુજ પ્રેમ છે.

નાગરિક—મહારાજ રત્નનું બહુમુલ કરેછે એમ નથી પણ તેના દર્શનથી તેને પોતાના ઈષ્ટનું સ્મરણ થયુંછે; તેને જોતાંજ પ્રકૃતિયે ગભીર છતાં મુહૂર્તભર ઉત્કંઠિત થઈ ગયા.

રક્ષિણ ૧—ખરેખરી સેવા કરી આજે નાગરિકે.

રક્ષિણ ૨—એમ નહિ, આ ગોઝારા નિમિત્તે કરી.

માછી—ધણી! ઈનું અધ ઔં તુનઈ દીઉછું, ઘુમનછના મોલમાં.

રક્ષિણો—એ ઠીક છે.

નાગરિક—તું મારો મોટો મિત્ર થયો, આપણી પ્રથમ મૈત્રીનો પ્રસંગ કદંબની મંદિરા સાથે કરિયે.

(સૌ કલાલને હાટડે જાયછે.)

---

# અંક છઠ્ઠો.

(બે ચેટી વાડીમાં ફુલ ચુંટેછે.)

પરભૃતિકા—(આંબાના મોર ભણી જોઈ.)

દીઠો દીઠો રે આંબે મોર, મોર રતવું તૂને—ટેક.
કાંઈક રાતો લીલો ધોળો ઋતુમંગળદરશનરે;
જીવ સરવસ છે વસંતકેરો, થાજે તું પરસંન.—ધંન રતવું૦દી૦ ૪

મધુકરિકા—અલી! એકલી એકલી શું બબડેછે?

પર૦—આંબાની મંજરી જોઈને પરભૃતિકા (કોયલ) ઉન્મત્ત થાયછેજ.

મધુ૦—(હરખે) શું વસંતમાસ બેઠો કે?

પર૦—મધુકરિકા! તારો પણ એ સમય છે મદે વિભ્રમ થઈ ગાવાનો (ભ્રમરીનો.)

મધુ૦—મને ધરી રાખ કે ઉંચે પગે ઉભી રહી મોર તોડી લેઉં કામદેવને પૂજવાને.

પર૦—પૂજાનું અરધું ફળ મને મળે તો.

મધુ૦—કહ્યું ન હોત તોપણ મળવાનુંજ હતું.

પર૦—આપણ બેઉનો જીવ એકજ છે. માત્ર શરીર જૂદાં છે (મોર તોડેછે) આ મંજરી બરાબર ભરાઈ નથી તોપણ ડીટાંમાંથી છૂટી પડવે સુગંધી આપેછે (અંજલીપુટ કરી.)

મનોહર મોર તું અરપ્યો, છે મેતો આજે,—
રતિપતિને કહું લીધ ધનુષ કર, સાંતરો જેહ વિરાજે;
કંથ પ્રવાસીની જુવતીને લક્ષ્યે, પાંચમાં અધિક તું થાજે.—મનો ૧૦૫

કંચુકી—(ઝટ પડદો ખસેડી ક્રોધમાં) મા કર એમ. ઓ અજાણ! દેવે વસંતનો ઓચ્છવ બંધ રખાવ્યો છતે તું મોર કેમ તોડે છે?

બેઉ—આર્ય! ખમા કરો, ખમા કરો.

કંચુકી—નથી સાંભળ્યું તમે? વસંતના વૃક્ષોએ તથા એને આશ્રયે રહેનારાંએ દેવની આજ્ઞા પાળી છે તે.

આંબે મંજરિ નીકળે બહુ થયું તોએ ન બાઝે રજ,
ફૂલો સદ્ય થશે દિસે કુરૂબક રેહે કળી તેમજ;
કોકીલો શિશિરે ગયે ગદગદો કંઠેથિ કાઢે સ્વર,
ખેંચી સંવરતો શકે સ્મર વળી ભાથેથિ અર્ધો શર. ૧૦૬

બેઉ—નથી સંદેહ. રાજર્ષિનો મોટો મહિમા છે.

કંચુકી—થયું તે થયું, ફરીથી તેમ ન કરશો.

બેઉ—શા નિમિત્તે ભર્તાએ વસંતનો ઓચ્છવ બંધ રખાવ્યો છે તે અમને કહેવું આર્ય!

કંચુકી—શું અહીં તમારે કાને નથી આવ્યો શકુંતલાને કાઢી મુકવાનો લોકાપવાદ?

બેઉ—અંગુઠી જડી એટલું જાણિયે છિયે.

કંચુકી—અંગુઠી દેખતાંજ સાંભરી આવ્યું દેવને કે તે પૂર્વે મારીસાથે છાની પરણીછે ને મેં વિસ્મૃતિયે તેનો ત્યાગ કર્યો; તેવારથી

પશ્ચાત્તાપ કરે છે દેવ.*

બેઉ—ઠીક. (જાયછે)

(પડદામાં) પધારવું પોતે.

(રાજા વિદુષક આવેછે.)

કંચુકી—આણીગમ આવેછે દેવ. અહીંથી જાઓ; પણ આહા કેવો દીસેછે તે!

અલંકારવિધિવિશેષ છાંડી કડું એકલું રાખે
વામભુજે કંચનનું શ્વાસે ઓઠ રક્તતાણુ દાખે;
આંખ રાતિ ચિંતાજાગ્રણથી પણ નિજ તેજે સોએ,
ક્ષીણ છતે જયમ મહામણી તે સનાણઘસિયો હોએ. ૧૦૮

(જાયછે.)

રાજા—(અહીં તહીં ફરી-સ્વગત.)

ક્ષીણું હૃદય રહ્યું ઉંઘતું, જગાડતિ જવ પ્રિયા મૃગાક્ષી તે;
પરતાવો ભોગવવા, જાગતું અમાણું થયુંછ બહુ રીતે. ૧૦૯

વિદૂ૦—(સ્વગત) એને શાકુંતલાનો વ્યાધિ લાગ્યો છે. (પ્રગટ) લતા મંડપમાં બેસવું વયસ્યે.

રાજા—સખા! સઘળું હવે સાંભરેછે શકુંતલાનું પૂર્વ વૃત્તાંત. મેં તેને છાંડી ત્યારે તું મારી પાસે નહોતો; વળી આગળ પણ તેં કદી તેનું સ્મરણ કીધું નહિ, મારી પેઠે તૂંપણ તેને વિસરી ગયોતો કે શું?

વિદૂ૦—હું કેમ વિસરૂં? છેલ્લું તેં કહેલું કે મેં હાસ્ય કીધું તે મેં માટીના ઢેફાં જેવી મારી બુદ્ધિયે સાચું માન્યું. હોશે, હોનાર તેજ બળવાન્ છે.

રાજા—વયસ્ય! ત્યાગથી વ્યાકુળ થયલી પ્રિયાની મારાજેવી અવસ્થા બળાત્કારે સાંભરી આવેછે ને હું અશરણ છું.—

તે આ બાળેછેજ જેવું બાણ, વિખનું ભરેલું—ટેક
અહીંથી છાંડી કે જવા માંડ્યું સ્વજનની વાંસે વિલપતી અને
બીતી દુરબળ દેહરે, તે આ૦

* હેતિ રમ્યનો અમાત્યસેવા પૂર્વે ત્યમ નિત ના લે,
શય્યા ઉપર આળોટે બહુ નિદ્રાવણ નિશ ગાળે;
સ્નિયોસું બોલે વિવેકથી પણ નામ પ્રિયાનું વદાએ,
પછી રહે ગળગળ્યો નમ્ર તે ઘણો કાળ લજ્જાએ. ૧૦૭

તોએ ત્યાતો ગુરુ જેવાં માન યોગ્ય ગુરુશિષ્યે વારે વારે
ઊંચે શબ્દે કહ્યું ઊભી રેહરે; તે આ૦
ત્યારે ફરી વળી તેણે કઠિણ નિર્દય હુંને આકળી અરપી
દૃષ્ટિ આંસુ ભરી જેહરે; તે આ૦

સખા !

આ સ્વપ્ન કે માયા કહું શું વળી ભ્રાંતિરે—
કે ફળ તેટલુંજ દેનારૂં હતું પુણ્ય તે, પામ્યું વહેલુંજ શાંતિરે.—આ૦
સુખ તે ગયું તે ગયું નાવે ફરીથી ખરે, આશા છેક પડી ભાંગિરે.—આ૦

વિદૂ૦—તું નિરાશ ન થા. વીંટી જડી છે માટે શકુંતલાનો પણ સમાગમ થશે.

રાજા—(અંગુઠીને નીહાળી) અરે તું પણ અસુલભ સ્થાનેથી ભ્રષ્ટ થઈ એ શોક કરવા જેવું છે.

સુચરિત અંગુઠી સ્વલ્પજ તારૂં,
ફળથી તે જાણાએ જેમકે મારૂં.
નહિ તો અરુણનખસુંદર તેની,
આંગળીએથી પડીજાએ શેની ? ૧૧૨

વળી,

શોભિતી આંગળી કોમળ રૂડી,
એવો તજી કર તું પાણીમાં બૂડી.
લખે અચેતન તો ગુણને ન કાંઈ,
એ કેમ મુજથી પણ પ્રિયા છંડાઈ! ૧૧૩

(એટલામાં ચેટી આવે છે ચિત્ર પાટો લેઇને)

ચેટી—આ ચિત્રેલી રાણી (દેખાડે છે)

રાજા—(લેઈ) હજી કાંઈક ભાસ આવ્યો છે.

જે જે સારૂં ન ચિત્રમાં, તે તે ખોટૂં તાંહિ,
પણ તેનૂં લાવણ્ય તો, આવ્યું રેખામાંહિ. ૧૧૪

(ચેટીને) જા ને લેખણી લેઇ આવ.

ચેટી—(વિદૂષકને) આ લે હું આવું ત્યા લગી. (જાયછે)

રાજા—હુંજ લેઉં.

સાક્ષાત્ પ્રિયા તજિ કને ઉભિ આવિ પેલે,
ચિત્રેલિ આ બહુજ માનું હું માનમેળે.
મૂકી નદી જળભરી હિડિ માર્ગમાં ને
ઈચ્છૂં સખા બળિબળી મૃગતૃષ્ણિકાને. ૧૧૫

વિદૂ૦—(સ્વગત) લેખણી મંગાવી છે તે હવે હું ધારૂં છું કે લાંબી દાઢી-વાળા તાપસોનાં ઝુંડ ચિતરી કાઢી પાટી પૂરી ભરી નાખશે. (ચિત્રને જોઈ) હાથની આંગળીએ મોઢું ઢાંકી અત્યંત બીતી હોય તેવી કેમ ઊભી છે વારૂ? (નિહાળીને) હા સમજ્યો, આ પેલો દુષ્ટ ભ્રમર પુષ્પરસને લોભે તેનાં વદનકમળને વિટલાયાં કરેછે.

રાજા—ત્યારે એ લુચ્ચાને વારની.

વિદૂ૦—રાજા દુષ્ટને દંડ કરનારો તું છે તો તુંજ તેને વાર.

રાજા—યોગ્ય છે. રે ફૂલવેલી પ્રિયાના અતિથિ! તું અહીં તહીં ઉડવાનો શ્રમ કેમ કરે છે?

એ જુવે વાટડી, રાગી તારી ભ્રમરી—ટેક.
ફૂલની ઉપર બેઠી છતી તરસી પણ,
નથી રે વિના તૂ પીતી મધુ ખરી. એ૦ ૧૧૬

તૂં મારી આજ્ઞા નથી માનતો? સાંભળ—

અણચુંથાયલૂં નાનું ઝાડ તેનું
કુંપળ તે સમૂં ચારૂ સોતું એવું
રતિતણે વળી ઓચ્છવે ચુમેલું
હળવું પ્યારિનૂં હે અલી ખરે તું
અધરબિંબ જો તેહને અડીશ,
કમળગર્ભમાં બંધ હૂં કરીશ. ૧૧૭

વિદૂ૦—(સ્વગત—હસીને) એને તો ગાંડું લાગ્યું છે (પ્રગટ) આ! ખરે ચિત્ર છે આ તો.

રાજા—શું એ ચિત્ર છે? વયસ્ય! સાક્ષાત્ છે એમ જાણી તલ્લીન થઈ, દર્શનનો લ્હાવો લેતો હતો પણ તેં સ્મૃતિ કરાવી તેથી મારી પ્રિયા પાછી ચિત્રમાં આવી રહી.

ચેટી—(આવીને) રાણી રસ્તામાં મળ્યાં તેણે કહ્યું કે ચિતરવાનું સાહિત્ય હુંજ લેઈ આવું છું.

રાજા—વયસ્ય! દેવી આવે છે, ચિત્રને બીજે ઠેકાણે મૂક.

વિદૂ૦—તું પોતાનેજ મૂકની.

(ચિત્ર લેઈ આઘો થાય છે ને પછી બીજી ચેટી આવેછે.)

ચેટી બીજી—જય જય દેવ!

રાજા—તેં માર્ગમાં દેવીને દીઠી કે?

ચેટી—મળ્યાં હતાં પણ મારા હાથમાં પત્ર જોઈ પાછાં વળ્યાં.

**રાજા**—કાર્યને જાણનારી છે દેવી, અવરોધ કરવા આવતી નથી.

**ચેટી**—(પત્ર આપે છે.)

**રાજા**—(વાંચી રહી) ધનમિત્ર સાહુકાર મરી ગયો ને તેનું દ્રવ્ય મને આવનાર છે. એને બહુ ધનથી બહુ સ્ત્રિયો હશે. (નિસાસો મૂકેછે) એમજ હો. સંતતિ ન હોવાથી નિરાધાર કુટુંબોની સંપત્તિ મૂળપુરુષને મરણે બીજાને હાથ જાયછે— મારીપણ પુરુવંશની સંપત્તિ અકાળે વાવેલાં બીજની ભૂમિ પ્રમાણે નિષ્ફળ થશે. ધિક્ મને કે પાસે આવેલી લક્ષ્મીને મેં અવમાની.

જેને વિષે નિજતણી કરિ મેં પ્રતિષ્ઠા
તે ધર્મપત્નિ તજિ રે કુળની પ્રતિષ્ઠા;
વાવેલ બીજ સમયે ઘટતે સુપૃથ્વી
દેનારિ સિદ્ધ થઈને ફળ મોટું તેવી. ૧૧૮

**ચેટી પહેલી**—(બીજીને) આ વૃત્તાંતથી રાજાને દુઃખ થયું તો વિદૂષકને બોલાવી લાવ. (બીજી ચેટી જાયછે.)

**રાજા**—દુષ્યંતના પૂર્વજ સંશયમાં પડ્યા છે.

"એની પછીથિ કરશે કુણ કૂળમાંહી,
વેદોક્ત રીતિ ધરિ તર્પણ" એ વિચારી;
મારા અરે પિતર તે દિધું મેં અપુત્રે,
આંસૂ ધુએથિ ઉગર્યું જળ ઓછું પીશે. ૧૧૯

(એમ મૂરછિત થાયછે.)

**ચેટી**—સાવધ થાઓ, સાવધ થાઓ, ભર્તા!

(પડદામાં) અબ્રહ્મણ્યં, અબ્રહ્મણ્યં.

**ચેટી બીજી**—(આવીને) ભર્તા! માઢવ્યનું રક્ષણ કરો.

**રાજા**—મારા મિત્રને કોણ મારેછે?

**ચેટી પહેલી**—(બીજીને) કોઈ અદૃશ્ય પુરુષ હશે.

(પડદામાં) હો વયસ્ય! રક્ષણ કર, રક્ષણ કર.

**રાજા**—સખા! ન બીહ, ન બીહ.

(પડદામાં) કેમ ન બીહું, આ કોઈ મારી ડોકી મરડીને મારા ત્રણ કડકા કરેછે!

**રાજા**—ધનુષ્ય! ધનુષ્ય!

**ચેટી બીજી**—આ બાણસહિત ધનુષ્ય ને પંજો.

**રાજા**—(હાથમાં લેછે)

(પડદામાં) તુજ કંઠતણું નવું તેહ, લોહિતરસ્યો હું તુને,
તરફડતો કરી હણીશ, વાઘ જેવો પશુને;
જે કે આરતભય મોટ, ટાળવે સદ્ય ખરે,
થઈ ધનુપસજ્જ દુષ્યંત, તાહરી વહાર કરે. ૧૨૦

**રાજા**—(ક્રોધ) શું મને ઉદ્દેશી બોલેછે? ઉભો રહે ઉભો રહે રાક્ષસ! તું અમણા નહિ તેવો થઈશ. અરે અહીં તો કોઈ નથી.

(પડદામાં) રક્ષ! રક્ષ! હું તને જોઉં છું, તું મને નથી જોઈ શકતો; બલાડાએ પકડેલા ઉંદર જેવો હું મારા પ્રાણને માટે નિરાશ છું.

**રાજા**—ગુપ્ત વિદ્યાનો તને ગર્વ છે. પણ મારૂં અસ્ત્ર તુને જોયછે. સ્થિર થા, તારા ઉપર શરસંધાન કરેછે તે તે છે કે

જે હણશે વધ્ય તૂને ને રક્ષશે દ્વિજ રક્ષ્યને,
હંસ તો દૂધ લેશે ને એભળ્યું પાણિ વર્જશે. ૧૨૧

(અસ્ત્ર સંધાન કરેછે એટલે વિદૂષકને છોડી દેઈ માતલી આવી સામો ઉભો રહેછે.)

**માતલી**—કીધાછ ઇંદ્રે તુજ લક્ષ્ય માટે
દૈત્યો તું લે આ ધનુ તેહ સામે;
સ્નેહી પ્રતી સજ્જનનાં કૃપાળ
ચક્ષુ પડેછે શર દારુણાં ન. ૧૨૨

**રાજા**—(અસ્ત્ર સંવરી) દેવરાજ સારથીને સ્વાગત!

**વિદૂ૦**—(બહાર આવી) જેણે મને યજ્ઞના પશુ જેવો માર માર્યો તેને આ રાજા સ્વાગતે રિઝવેછે?

**માતલી**—(હસીને) આયુષ્યમન્! ઇંદ્રે મને પોતાની પાસે મોકલ્યો છે તો દુર્જય નામના દાનવની સામાં યુદ્ધ કરવાને શસ્ત્ર લેઈ આ મોકલેલા રથમાં બેસી વિજયને અર્થે પ્રસ્થાન કરવું.

**રાજા**—અનુગ્રહ થયો મારો, ઇંદ્રે મને આટલી મોટાઈ આપી; પણ કહે માધવ્યને આમ કેમ કીધું?

**માતલી**—(હસીને) મનના સંતાપવાળા દીઠા ત્યારે પછી કંઈપણ નિમિત્તે ક્રોધ આણી આયુષ્મનને સતેજ કરવા માટે મેં તેમ કીધું.

**રાજા**—(હળવે) માધવ્ય! ઇંદ્રની આજ્ઞા ઉલ્લંઘન કરાય તેવી નથી, તો જા ને સઘળું વર્તમાન પ્રધાનને કહેજે.

**વિદૂ૦**—આજ્ઞા (જાયછે)

**માતલી**—આયુષ્મન્! રથે ચઢો. (રાજા તેમ કરેછે.)

# અંક સાતમો.

( રથારૂઢ રાજા તથા માતલી આકાશમાર્ગે ઉતરી કશ્યપના આશ્રમમાં આવેછે. )

રાજા—માતલી! ઇંદ્રનું કાર્ય કરી આપ્યું તોપણ તેણે જે મારો સત્કાર કીધો તે જોતાં હું ઉપયોગી પડ્યો નથી એમ પોતાને માનુછું.

માતલી—આયુષ્મન્! ઉભય એમજ માનેછે.

રાજા—એમ મા બોલ, મારૂં વિસર્જન કરતી વેળા તેણે જે સત્કાર કર્યો તે મારા મનોરથ પહોંચી ન શકે તેવી ભૂમિનો હતો. દેવતાની સમક્ષ અર્ધાસને બેસાડી

બેઠો કને અંતરમાં ઇછંત
જયંત તેને નિરખી હસંત
શચીપતીએ હરિચંદનાળી,
મંદારમાળા મુજ કંઠ ઘાલી. ૧૨૩

માતલી—આયુષ્મત્! ઇંદ્રનાં આપેલાં માનને તમે અયોગ્ય નથીજ.

રાજા—વેગે ઉતરિયે છિયે તેથી મનુષ્ય લોકનું દર્શન આહા કેવું આશ્ચર્યકારક થાયછે!

ઊંચે આવત શૈલના શિખરથી પૃથ્વી નિચે ઊતરે,
વૃક્ષો પત્રથિ લીનતા નિજ તજે સ્કંધો ઉદે પામતે;
થાએ સ્પષ્ટ નદી વધે ઉદક જે પૂર્વે નહિ દીસતૂં,
જો કોઈ લહું ઊંચકી ભુવનને મારી કને આણતૂં! ૧૨૪

માતલી—કેવી ઉદાર રમણીય પૃથ્વી!

રાજા—આ કીઓ પર્વત? પૂર્વપશ્ચિમ સમુદ્રનું સ્નાન કરતો, સુવર્ણ રસનો પ્રવાહ ચલાવતો, સંધ્યાના વાદળના પરીઘવાળો ને ઉપલો પ્રદેશ સપાટ દાખવતો.

માતલી—આયુષ્મત્! એ તો હેમકૂટ પર્વત જ્યાં કુબેરના ગણ અશમુખ રહે છે; વળી એ તપસ્વીઓનું સિદ્ધિક્ષેત્રપણ છે. જુઓ—

સ્વયંભૂનો મરીચી ને એનો કસ્યપ જે વળી,
સુરાસુર ગુરુઃ પોતે પત્ની સાથે તપે અહીં. ૧૨૫

રાજા—એ વંદનીય ક્ષેત્રનું અતિક્રમણ ન કરવું; હું પર્વતની પ્રદક્ષિણા કરી ભગવાન કસ્યપના દર્શન કરવાની ઇચ્છા રાખું છું.

માતલી—ઊત્તમ છે. ( રથ નીચે ઉતારતાં હાથ લાંબો કરી દેખાડે છે. )

રાફડે ઢંકાઈ ગઈ મૂરતિ અરધિ ઉર વિંટલાયું સાપતણી કાંચળીએ બધું તે;
જીરણ વેલાની સૂંઢ કંઠે પીડે સ્કંધલગી જટાતણા મંડળમાં માળા કીધા શકુંતે;
ઝાડકેરાં થડ જેવો અચળ મુનિ તો બેઠો સૂર્યબિંબ ભણી મોઢું રાખ્યું જુઓ જગો તે.

**રાજા**—નમન તુને કષ્ટતપસે !

**માતલી**—( ઘોડીકવારે રથને ઉભો રાખી ) આયુષ્મન્ ! ઊતરવું અહીં ( પછી ) આ આસોપાલવના થડ કને બેસવું પોતે, હું ઇંદ્રગુરુને જાણ કરી આવું ત્યાંલગી.

**રાજા**—ઠીક. ( માતલી જાયછે. )

( શકુનસૂચના જેવું દેખાડી. )

નથી મનોરથે આશા, ફરકે બાહુ કાં વૃથા;
સુખ ઉવેખ્યું પૂર્વે તે ફરીથીએ કરે વ્યથા. ૧૨૭

( પડદામાં ) વલવલ કરતો રહે, જાતિ સ્વભાવપર ગયો શું ?

**રાજા**—( કાન દઈ ) અવિનય કરવો એવી આ ભૂમિ નથી તો કોણ આ પ્રમાણે નિષેધ કરે છે ? ( જ્યાંથી શબ્દ આવ્યો તેભણી જઈ વિસ્મયે ) રે કોણ છે આ, બાળકનું બળ નહિ તેવો બાળક બે તાપસીઓની સાથે ?

અર્ધોધાવ્યો જનેતાને કેશતાણેજ એહવા
સિંહબાળકને ખેંચે બળત્કારેજ ખેલવા. ૧૨૮

( પછી બે તાપસી સાથે સિંહ જોડે ખેલતો બાળક દેખા દેછે. )

**બાળક**—ઉઘાડ મોઢું સીંહબાળક ! હું તારા દાંત ગણું.

**તાપસી ૧**—રે ઉછાંછળા ! આપણાં બાળકના જેવા આ બાળકપ્રાણીને કેમ ઉપદ્રવ કરે છે ? તારૂં વધી ગયલું ધિંગાણું ઓછું કર. ખરેખર ઋષિઓએ સર્વદમન નામ આપ્યું છે તે ખોટું નથી.

**રાજા**—(સ્વગત) આ બાળક ઉપર પુત્ર જેવું કેમ ચોંટે છે મારૂં મન ? કે પછી વાંઝિયાપણું મને વ્હાલ ઉપજાવે છે !

**તાપસી ૨**—આ સિંહણ તને ફાડી ખાશે જો, એના પુત્રને નહિ છોડે તો.

**બાળક**—(મલકાતો) લે, હું તો બહુ બીહું છું જો (નીચલો ઓઠ દેખાડે છે.)

**રાજા**—
બીજ કો તેજમોટાનું એવો બાળક ભાસતો;
ચિંગારીએ રહ્યો અગ્ની જેમ ઇંધન ઇચ્છતો. ૧૨૯

**તાપસી ૧**—વત્સ ! એ સિંહબાળકને મૂકી દે, હું તને બીજું કંઈ આપું-છું રમવાને.

**બાળક**—ક્યારે ? તે દે (હાથ લાંબા કરેછે)

**રાજા**—(હાથ જોઈ) શું ચક્રવર્તિનાં લક્ષણ પણ એણે ધર્યાં છે ?

**તાપસી ૨**—(૧ લીને) સુવ્રતે ! એ માત્ર બોલવાથી રમે તેવો નથી; તો મારી ઝુંપડીમાં માર્કંડેય ઋષિના પુત્રનો વિચિત્ર રંગેલો મટોડાંનો મોર છે તે એને માટે લેઈ આવ.

**તાપસી ૧**—ઠીક. (જાયછે)

**બાળક**—અમણા તો હું આનીજ સાથે ખેલુંછું. (તાપસીની સામું જોઈ હસેછે.)

**રાજા**—(સ્વગત)

> કંઈ કંઈ દિસંતી દંતકળિયો વણ નિમિત હસવાથકી,
> ને કાલિ કાલિ બોલિ ના સમજાય તેની તોતલી;
> અંકે ચઢીને બેસવા બહુ તલપતા પુત જે લિયે,
> થાએ મલિન વળિ અંગધૂળે ધન્ય તેને લખિયે. ૧૩.

**તાપસી**—એ મને ગણકારતો નથી (મોડું ફેરવી) આટલામાં કોઈ ઋષિકુમાર છે કે ? (રાજાને જોઈ) ભદ્રમુખ ! અહીં આવ અને આણે બાળકેસરીને બળે પકડી ધર્યો છે તેને છોડાવ.

**રાજા**—(મલકાતો પાસે જઈ) રે મહર્ષીપુત્ર !

**તાપસી**—ભદ્રમુખ ! એ ઋષિકુમાર નથી.

**રાજા**—આકાર પ્રમાણે ચેષ્ટા છે તો તે ઋષિપુત્ર નહિ હોય પણ આ સ્થાન જોઈ અમે એવો તર્ક કીધો. (પાસે જઈ બાળકને ઉચકી ખોળામાં લેઈ સ્પર્શસુખનો અનુભવ લે છે.)

ગમે તેનો હોય પણ આ છોકરાનો સ્પર્શ મારાં ગાત્રને થતાંજ મને આવું સુખ થાય છે તો જેનાથકી એ ઉત્પન્ન થયો છે તે ભાગ્યશાલીના ચિત્તને કેવી ટાઢક હશે ?

**તાપસી**—(બંનેને નિહાળી) અચરજ, અચરજ !

**રાજા**—આર્યે ! કેમ વારૂ ?

**તાપસી**—આ બાળકની ને તમારી આકૃતિ સરખી છે એ જોઈ હું વિસ્મય પામું છું. તમે ઓળખીતા નથી તોપણ તમારીજ ભણી તેની વૃત્તિ છે.

**રાજા**—(પંપાળી રમાડી) આર્યે ! એ ઋષિકુમાર નથી તો કોણ કુળ છે ?

**તાપસી**—પૌરવ.

રાજા—(સ્વગત) શું એનું ને મારૂં એકજ કુળ? માટેજ મારા સરખી કાંતિ એની તાપસીને લાગેછે. પૌરવોનું છેલ્લું કુળવ્રત એજ છે, રાજ્ય કર્યા પછી અંતે તપશ્ચર્યા કરવી. (પ્રગટ) આ પ્રદેશમાં મનુષ્યે પોતાની બુદ્ધિયે તો આવવું કઠિણ છે.

તાપસી—ભદ્રમુખ કહેછે તેમજ છે. અપ્સરાને સંબંધે આ બાળકની જનની અહીં દેવગુરૂના તપોવનમાં પ્રસુતા થઈ.

રાજા—(સ્વગત) હાસ! આશા ધરવાનું આ બીજું કારણ (પ્રગટ) એની મા કીઆ રાજર્ષિની પત્ની છે વારૂ?

તાપસી—ધર્મપત્નીનો ત્યાગ કરનારનું નામ કહેવાને કોણ મન કરશે?

રાજા—(સ્વગત) અરે શું મને ઉદ્દેશીને બોલેછે? આ બાળકની માનું નામ પૂછું ત્યારે, પણ પરસ્ત્રીની પૂછપાછ કરવી એ શિષ્ટની રીતિથી ઉલટું છે.

(માટીનો મોર લેઈ તાપસી આવેછે.)

તાપસી—સર્વદમન! જો શકુંતલાવણ્ય.

બાળક—ક્યાં મારી બા?

તાપસી ૧—સરખે નામે વત્સ છેતરાયો.

તાપસી ૨—વત્સ! આ મટોડાંના મોરનું સૌંદર્ય જો એમ મેં કહ્યું.

રાજા—(સ્વગત) શું એની માનું નામ શકુંતલા છે? કે એકના નામ સરખું બીજાનું હોય છે? માત્ર નામ સાંભળવાથી મૃગજળની પેઠે ખેદ કરવાનું છે.

બાળક—માતા! એ સુંદર મોર મને ગમે છે. (હાથમાં લેછે)

તાપસી—(ગાભરી) અરે રક્ષાનો દોરો?

રાજા—સિંહબાળકને મર્દન કરતાં પડી ગયો હશે. (લેવાને જાયછે)

તાપસીઓ—હાં હાં ઉપાડશો મા, ઉપાડશો મા; અરે એણે દોરો ઉપાડ્યો! (ચકિત થઈ છાતીપર હાથ મુકી એકકના સામુ જોયછે)

રાજા—કેમ મને વારી રાખતાં હતાં?

તાપસી ૧—સાંભળો મહારાજ! એ અપરાજિતા નામની વનસ્પતી છે; દોરો જન્મસંસ્કાર કરતીવેળા ભગવાન કશ્યપે બાંધ્યો હતો. એને ભૂમિયે પડેલો માતા કે પિતા કે પોતે એવિના બીજું કોઈ ઉપાડે નહિ.

રાજા—ને ઉપાડે તો?

તાપસી—તો સર્પ થઇ તેને ડસે.
રાજા—એવી વિક્રિયા તમને કોદી પ્રત્યક્ષ થયલી છે?
તાપસીઓ—અનેક વાર.
રાજા—(સ્વગત) મારો મનોરથ પૂર્ણ થયો તો કેમ ન હરખાઉં. (બાળકને છાતી સરસો ચાંપેછે.)
તાપસી—(બીજીને) વ્રતે! આવ આપણે આ વૃત્તાંત નિયમવ્રતે રહેનારી શકુંતલાને જણાવિયે. (જાયછે)
બાળક—મૂક મને, અંબાકને જાઉં.
રાજા—પુત્ર! મારીજ સાથે આવી તારી માને આનંદ પમાડજે.
બાળક—મારો તાત તો દુષ્યંત, તું નહિ.
રાજા—(મલકાઈ) આ વિવાદજ મારી પ્રતીતિ કરેછે.

(કેશનો જૂડો બાંધેલો એવી શકુંતલા આવેછે.)

શકુંતલા—(વિતર્કે) સર્વદમનની વનસ્પતીને વિકાર થવો જોઇએ તે ન થયો એ સાંભળી મને મારા ભાગ્યની આશા રહી નથી. (અહીં તહી ફરેછે.)
રાજા—(શકુંતલાને જોઈ) તેજ આ શકુંતલા!

વસ્ત્ર ધૂળિયાં પેર્યાં બે ને વેણી એક ધારંતી,
લેવાયૂં મુખ નિયમે રહેતાં શુદ્ધ શિયળ રાખંતી;
અતિ નિર્દય હું તેનું વિરહવ્રત દીર્ઘ વળી પાળંતી. ૧૩૧

શકું૰—(પશ્ચાત્તાપ રાજાને વિવર્ણ જોઈ) ખરે એ આર્યપુત્ર તો નહિ હોય! તો કોણ, રક્ષાને અર્થે દોરો બાંધેલો એવા મારા પુત્રને ગાત્ર અરકાડી અપવિત્ર કરે?
બાળક—(માપાસે જઈ) અંબા! કોણ એ પુરૂષ! પૂત કહી સંનેહ ભેરે છે.
રાજા—પ્રિયે! તારે વિષે મારૂં જે ક્રૂરપણું તેપણ યુક્ત અનુકૂલ પરિણામને પામ્યું કે આજે તેં ઓળખ્યો એવો હું પોતાને જોઉંછું.
શકું૰—(સ્વગત) હૃદય! ધીર ધર, ધીર ધર, મત્સર તજેલો એવાં દેવે મારા ઉપર દયા કીધી; આર્યપુત્ર એજ છે.
રાજા—પ્રિયે! દેવયોગે,

સ્મૃતિયે જેનો મોહતમ ટળ્યો તેનિ સંમુખે ઉભી સુમુખી!
ગ્રહણ છુટે શશિકેરો યોગકરે રોહિણી વળી ફરિથી. ૧૩૨

શકું૰—જયતુ જયતુ આર્યપુત્ર! (એટલું બોલી કંઠ ભરાયે સ્તબ્ધ રહેછે.)

રાજા—કેમ રડે તું તો હવે, સુંદરી રે—ટેક.

બાષ્પથી અટક્યો જયશબ્દ બોલી, તોપણ જિત્યૂં મેં પ્રમાણ-કેમ૦
ઓઠપૂટને રંગ ન લાગ્યો મુખ તુજ દિઠું એ સુજાણ-કેમ૦ ૧૩૩

બાળક—અંબા ! કોણ એ ?

શાકું૦—વત્સ ! તારાં ભાગ્યને પૂછ.

રાજા—( પગે પડેછે)

સુતનુ તારા હૃદયમાંથી તજ્યાનું મારું કાઢ,
કિમપિ ત્યારે મન મારે મોહ હતોજ બળાઢ;
પ્રબળ તમની ધણુંકરીને એવિ વૃત્તિ શુભ ટાણે,
શિરે નાખી માળ ઝટકે સર્પ અંધજન જાણે. ૧૩૪

શાકું૦—ઉઠો ઉઠો આર્યપુત્ર ! એમ કાં નહિ કે મારાં સારાંને નડે તેવાં પેલા ભવનાં કર્મ તે, તે દિવસોને વિષે પોતાનાં સર્જિત ફળને પામવાનાં હશે, માટેજ દયાવાન છતે આર્યપુત્ર મારે વિષે વિરસ થયા. ( રાજા ઉઠેછે ) વારૂ કેવી રીતે આર્યપુત્રને હું અભાગણીની સ્મૃતિ થઇ ?

રાજા—આંખલડી લોવા દે;

સુતનુ સલુણ આંસુ પાંપણ અડતાં—આંખ૦
મોહથકી મેં લેખ્યું ન પૂર્વે, અધર પડી ઉનાં બુંદ જે નડતાં—આંખ૦
ત્યારી હવે તો કળીશ બધૂંએ, હૃદયની શીલાશોક ઊપડતાં—આંખ૦

શાકું૦—(નામમુદ્રા જોઈ) આર્યપુત્ર ! આજ તે અંગુઠી કે ?

રાજા—એ અંગુઠી મળી આવી કે સ્મૃતિ થઇ આવી,

શાકું૦—ખરે એણે વિષમ કીધું. આર્યપુત્રને પ્રતીતિ થાય તેવી વેળાએ એ દુર્લભ થઈ રહી.

રાજા—તો હવે ઋતુનું ચિન્હ જે પુષ્પ તેને લતા ધારણ કરે.

શાકું૦—હુંતો હવે એનો વિશ્વાસ નહિ કરૂં, આર્યપુત્ર ! તમેજ એને પહેરો.

( એટલે માતલી આવેછે.)

માતલી—ધન્ય ભાગ્ય, ધર્મપત્નીને સમાગમે ને પુત્રમુખદર્શને આયુષ્મન્ ! પ્રસન્ન વધોછો.

રાજા—મારો મનોરથ સ્વાદિષ્ટ ફળને પામતો હવો માતલી ! આ વૃત્તાંત ઇંદ્ર જાણ્યું હશે કે ?

માતલી–ઈશ્વરને પરોક્ષ શું છે? આવવું આયુષ્મન્! કશ્યપ તમ આપવે કૃપાળ છે.

રાજા—શકુંતલા! પુત્રને આંગળિયે વળગાડ, તને આગળ કરી હું ભગવાનનું દર્શન કરવા ઈચ્છું છું.

શકું૰—આર્યપુત્ર સંગાતે ગુરુકને જતાં લજવાઉછું ખરે.

રાજા—ઉદયકાળે એમજ કરવું જોઈએ, ચાલ આગળ.

( મુનિ કશ્યપ અદિતિ સહવર્તમાન બેઠા છે.)

કશ્યપ—હે અદિતિ આને જોયો?

અગ્રે સર્યો રણશિરે તુજ પુત્રકેરે,
દુષ્યંત નામ જગ જાણતું ભૂપ તે એ;
જેનાં ધનુષ્યથિ મળેલ નિવર્તિ જેને,
તે વજ્ર આભરણરૂપજ ઇંદ્રને છે. ૧૩૬

અદિતિ—આકૃતિ ઉપરથીજ એનું ઐશ્વર્ય જણાઈ આવે છે.

માતલી—(દુષ્યંતને) પુત્રપ્રીતિને સૂચવતી ચક્ષુએ દેવતાનાં માતાપિતા આયુષ્મન્! તમારી ભણી જુએ છે. ચાલો તેઓપાસે.

રાજા—હા માતલી ચાલો ( પાસે જઈ કશ્યપ અદિતિને ) ઇંદ્રનો આજ્ઞાંકિત દુષ્યંત ઉભયને પ્રણામ કરે છે.

કશ્યપ—વત્સ! ચિરંજીવ! પૃથ્વીને પાળ.

અદિતિ—અજિત વીર થા.

શકું૰—પુત્રસહિત હું પાદવંદન કરૂં છું.

કશ્યપ—વત્સે!

ઇંદ્ર સમાન ભર્તા ને જયંત જેહવો સુત,
આશીષ્ બીજી ન તું જોગી, ઇંદ્રાણી સરખી ભવ. ૧૩૭

અદિતિ—બેટા! ભર્તાની બહુ માનીતી થા ને વત્સ! દીર્ઘાયુ થઈ ઉભયકુળને આનંદ આપ. બેસો.

કશ્યપ—દેવે શકુંતલા સાધ્વી, આ સદ્બાળ તમે વળી,
શ્રદ્ધા વિત્ત વિધિઃ એ તે, ત્રણે સાથે મળ્યાં અહીં. ૧૩૮

રાજા—ભગવન્! પ્રથમ ઈચ્છાની સિદ્ધિ ને પછી દર્શન એજ અમારો અપૂર્વ અનુગ્રહ છે.

માતલી—આયુષ્મન્! મહાત્મા એમજ પ્રસાદ આપે છે.

રાજા—ભગવન્! આ આજ્ઞાપાળનારી સાથે મેં વિધિયે ગાંધર્વ વિવાહ કીધો; પછી કેટલેક કાળે એનાં બંધુજનોએ આણી;

વિસ્મૃતિયે એનો પરિત્યાગ કીધેથી હું આપના સગોત્ર કણ્વનો અપરાધી થયો; પછી મુદ્રિકાને દર્શને પાછી સ્મૃતિ થઈ ને ઋષિકન્યા તે મારી પત્ની છે એમ મેં જાણ્યું—એ સઘળું મને આશ્ચર્ય સરખું લાગે છે.

કશ્યપ—વત્સ ! પોતાના અપરાધની શંકા કરવી બંધ રાખ, તુને તો ગાઢો મોહ થયો હતો. સાંભળ—

રાજા—સાંભળું છું.

કશ્યપ—જયારે અપ્સરાતીર્થેથી અતિદુઃખી શકુંતલાને મેનકાએ ઉપાડી લેઈ અદિતિકને આણી મૂકી ત્યારે મેં ધ્યાન ધરી વૃત્તાંત જાણી લીધું.—દુર્વાસાને શાપે તેં ધર્મપત્નિનો ત્યાગ કીધો બીજાં કોઈ કારણે નહિ ને તે શાપ મુદ્રિકાનું દર્શન થતાં સૂધી હતો.

રાજા—એ વચને હું મુક્ત થયો.

શકું૦—(સ્વગત) દૈવયોગે આર્યપુત્રે મારો નિષ્કારણ ત્યાગ કીધો પણ મને પોતાને શાપ થયલો તે સાંભરતું નથી અથવા કે વિરહે શૂન્યથયલે હૃદયે તે જાણ્યો નહિ માટેજ સખીઓએ મને કહેલું કે રાજાને સ્મરણ ન આવે તો આ આંગુઠી દેખાડાવજે.

કશ્યપ—(શકુંતલા સામું જોઈ) વત્સે ! તારૂં જે ઈષ્ટ તે થયું, સહધર્મચારી પ્રતિ તું કોપ કરીશ નહિ.

> નિર્દ્ર થઈ સ્મૃતિરૂંધે પતિયે તું ટાળી,
> એનો ટળે તમ હવે પ્રભુતાજ તારી;
> છાયા ન કાંઈ ઉપડે મળથી ભરેલે—
> ચોખ્ખેજ દર્પણતળે ખરી સોય સેલે. ૧૩૯

રાજા—ભગવન્ ! મારાં કુળની પ્રતિષ્ઠા તે આ ( પુત્રને દેખાડેછે. )

કશ્યપ—આ પુત્ર ચક્રવર્તિ થશે તે તું જોઈશ—

> તરી સિંધૂ પેલે અતુટ ગતિ કેયે અસ રથે,
> બધી સાતે દ્વીપે પૃથિવિ અતુલો જોધ જિતશે;
> અહીં એ પ્રાણીને બળથિ દમવે સર્વદમન,
> પછી પામે આખ્યા ભરત થઈ લોકોનું ભરણ. ૧૪૦

રાજા—પોતાથી એને સંસ્કાર થયાછે એટલે એ સર્વની એનેવિષે અમે આશા રાખિયે છિયે.

અદિતિ—આ છોકરીનો મનોરથ પૂર્ણ થયો એ કણ્વને જણાવવું, કન્યાની માતા મેનકા અહીંજ છે.

શાકું૦—(સ્વગત) મારો મનોરથ ભણ્યો ભગવતીએ.

કશ્યપ—તપને પ્રભાવે આ સઘળું ત્યાં કણ્વનાં જાણ્યામાં આ

રાજા—માટેજ મુનિ મારાપર કોપાયમાન ન થયા.

કશ્યપ—તોપણ આ પ્રિય વર્ત્તમાન જણાવવું યોગ્ય છે, કોણ કો અહીં હો?

શિષ્ય—ભગવન આ હું છું.

કશ્યપ—ગાલવ! તું અમણાંજ આકાશમાર્ગે જઈને કણ્વને આ પ્રિય વર્ત્તમાન કહે કે પુત્રવતી શકુંતલા દુર્વાસાના શાપથી મુક્ત થઈ; દુષ્યંતે સ્મૃતિમાં આવી તેનો સ્વીકાર કીધો છે.

શિષ્ય—જેમ ગુરુની આજ્ઞા. (જાય છે)

કશ્યપ—વત્સ! તું પણ પુત્રપત્ની સહિત સખા ઇંદ્રને રથે ચઢી પોતાની રાજધાનીએ જઈ રહે.

રાજા—આજ્ઞા પ્રમાણે કરૂં છું ભગવન્!

કશ્યપ—તુજ સકળ જનોને ઇંદ્ર દો વૃષ્ટિ ઝાઝી,
તું પણ બહુલ યજ્ઞે સ્વર્ગિને રાખ રાજી;
ક્રમશત યુગ ગાળો એમ અન્યોન્ય કૃત્યે,
સુખિજ થયલ બેઉ લોકકેરી સ્તુતીએ. ૧૪૧

રાજા—ભગવન્! યથાશક્તિ, કલ્યાણને વિષે યત્ન કરીશ.

કશ્યપ—વત્સ! વળી શું બીજું તારૂં પ્રિય કરૂં?

રાજા—આથી પણ બીજું કંઈ પ્રિય છે? જો વળી ભગવાન્ પ્રિય કરવાને ઈચ્છે છે તો મુનિ ભરતના વાક્યપ્રમાણે થાઓ—

પ્રવર્ત્તજો નરપતિ લોકને હિતે,
સરસ્વતી શ્રુતિમહતી મહાતણે;
ચિદાત્મભૂઃ શિવ નિજશક્તિવેષ્ટિત,
પુનર્ભવ ક્ષિણ કરિ દો વળી મમ. ૧૪૨

(સૌ જાય છે)

---

* રહો રાજાઓ પ્રજાના કલ્યાણમાં—રહો રા૦
મોટાઓના કલ્યાણમાં વેદસરસ્વતી.
સદાશિવ શંભુ શક્તિસહિત તે પુનર્ભવ ટાળો—રહો રા૦
બોલે ભરતમુનિ એમ કૃપા લાવો—રહો રા૦

# જેહાંગીર બેજનજી કરાણીઆ

## પ્રગટ કરેલી ચોપડીઓ.

| | રૂ. | આ. |
|---|---|---|
| ગુન્યે અવસ્તા (બેતમાં રચનાર મી૦ રૂસતમ ઇરાની) | ૦ | ૨ |
| આવાંયસ્ત બા માએની........................ | ૦ | ૪ |
| જરતોસ્તી મહજબ (ત્રીજી આવૃતી) .................. | ૦ | ૪ |
| ફરાંમરોજ નામું. વાલમ પેહલુ તથા બીજુ......... | ૨ | ૮ |
| કરાણીના હીંદુસ્તાની ગાયન સંગ્રહ—ભાગ ૧ લો જેમાં ૬૦૦ થી ઉપર ગાયનો છે (બિજી આવૃત્તી) | ૧ | ૦ |
| કરાણીના હીંદુસ્તાની ગાયન સંગ્રહ—ભાગ બીજો જેમાં ૧૦૦૧ ગાયનો છે ........................ | ૧ | ૦ |
| કરાણીની ઇંદર સભા ........................ | ૦ | ૪ |
| "પદમાવત" નો ઉરદુ ઓપેરા ........................ | ૦ | ૪ |
| "ફરરોખ સભા" નો ઉરદુ ઓપેરા........................ | ૦ | ૪ |
| "હવાઇ મીજલસ" નો ઉરદુ ઓપેરા........................ | ૦ | ૪ |
| "ફેલ બટાઉ-મોહીના રાણી" ઉરદુ ઓપેરા ...... | ૦ | ૪ |
| કરાણીનો "રાગસ્તાન"—ભાગ પેહલો, જેમાં ૨૫૦ ગજલો, રોબાઇઓ, તથા હોરી, લાવણી ઉપરાંત ૨૪ જાતની ઉમદા રાગ રાગણી તથા ૧૦૦ સુંદી કોહેડેલા ઉત્તમ દોહરા છે........................ | ૦ | ૧૨ |
| ઇરાનની મુખતેસર તવારીખ—પત્રના આકારમાં બનાવનાર મી૦ બહમનજી બેરામજી પટેલ ...... | ૦ | ૮ |
| રાજવીર કથા જેમાં ૨૦ મોટી ને રસીક વારતા છે ... | ૧ | ૮ |
| રજપુત વીરરસ કથા જેમાં મોટી ને રસીક કથાઓછે. | ૧ | ૦ |
| વિલાયતના કવિશ્વરો—જેમાં જાણીતા કવેશ્વરોના જાણુમ ચરિત્રો તથા તેમના કાવ્યોની સંક્ષિપ્ત હકીકત છે. | ૧ | ૮ |
| રાજા ગોપીચંદ આખ્યાન (બીજ નાટક) ......... | ૦ | ૪ |

જેહાંગીર બેજનજી કરાણી, નાં૦ ૧૮ પારસી બજાર સ્ટ્રીટ, કોટ, મુંબઇ.